# આપણી મા

ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર :
(ઓક્ટોબર -૨૦૧૯ થી ડીસેમ્બર-૨૦૧૯) વર્ષ-૬, અંક-૨૪
આશીર્વાદ : પ.પૂ. બિશપ રત્નસ્વામી
પ્રકાશક : ફાધર લૉરેન્સ એ., સભા પુરોહિત
મેનેજિંગ તંત્રી : ફાધર માર્ટીન અપ્પા
તંત્રી : શૈલેષ વાણિયા "શૈલ"
તંત્રી મંડળ : (૧) ફાધર અરૂલ
(૨) ફાધર આરસકુમાર (૩) રાજુભાઈ પરમાર (ઓડવાળા)
(૪) રાજબંધુ જયંત એમ., વડોદરા (૫) પ્રકાશચંદ્ર ટી. પરમાર, પેટલાદ (૬) વિમળાબેન મેકવાન, નડીયાદ
(૭) શૈલેષ રાઠોડ (૮) શૈલેષ ક્રિસ્ટી (૯) રમેશ ક્રિસ્ટી
(૧૦) અનિલ વાઘેલા (૧૧) સુનિલ રાઠોડ (૧૨) સિ. રેશ્મા
મુદ્રણ : વનિતા કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટર્સ, આણંદ. ૯૯૭૪૨૮૨૨૪૭
E-mail : vanitaprinters@gmail.com
કાર્યાલય : કેથોલિક ચર્ચ, ખંભોળજ - ૩૮૮ ૩૩૦.
જિ. આણંદ. મો. ૯૪૨૬૭ ૫૯૩૨૬

આપના સૂચનો અને પ્રતિભાવો તંત્રીને અવશ્ય લખી મોકલો, જે પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રત્યેક લેખકે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અગાઉ ન મોકલ્યો હોય તો પોતાના લેખ સાથે અવશ્ય મોકલવો. સહકારની અપેક્ષા સાથે આભાર.

## : આપણી મા મુખપત્ર જાહેરાતના દર :

રંગીન કવર પેજ (બહારનું છેલ્લું પાન) : ૩૦૦૦/-
રંગીન કવર પેજ (અંદરની બાજુ) : ૨૫૦૦/-
આખુ પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૧૦૦૦/-
અડધું પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૫૦૦/-

જે શ્રધ્ધાળુ ભાઈબહેનો પરમપૂજા અર્પણ કરે છે તેમને આપણી મા સામયિક ફ્રી આપવામાં આવે છે. જાણ સારુ.

બર્થડે ઉજવણી, લગ્નની ઉજવણી, પ્રથમ ખિસ્તપ્રસાદ ગ્રહણ કરનાર ધર્મજનો માટે શ્રધ્ધાંજલિ, નાતાલ-નવા વર્ષની શુભેચ્છા, પાસ્ખા પર્વની શુભેચ્છા, દાંપત્ય જીવનની રજત જયંતિ ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી માટે 'આપણી મા' મુખપત્રમાં જાહેરાત આપો અને માની અઢળક કૃપાઓ મેળવો.

આપણી મા ત્રિમાસિક સામયિકનું વાર્ષિક લવાજમ માત્ર ૬૦ રૂપિયા છે. આપનું લવાજમ આજે જ ભરો.

પાનાં પલટાવતાં...

| | |
|---|---|
| સંદેશ- ફાધર લૉરેન્સ એ. | ૨ |
| આપણી મા -તંત્રી શ્રી શૈલેષ વાણીયા | ૩ |
| કેળવણી -શૈલેષ રાઠોડ | ૪ |
| મુંઝવણ -અનિલ વાઘેલા | ૫ |
| બાળમિત્ર -આજ્ઞાપાલન -પ્રિતી વાણીયા | ૬ |
| ગુલાબમાળાનાં મહારાણી મરિયમ-રાજબંધુ જયંત પરમાર | ૭ |
| સ્ત્રી સ્વાતંત્ર ને સમર્પણ - ડૉ. પ્રિતી રાઠોડ | ૮ |
| ઈશ્વરની મહાન કૃપા - ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી | ૯ |
| જિંદગી - સંજય રોન્ઝા | ૧૦ |
| કોઈ છે... -એડવીન મેકવાન | ૧૧ |
| કેળવણી સથવારે- ફ્રાન્સિસ ગાલુસ મેકવાન | ૧૨ |
| હે મા - રાજેશ એમ. પરમાર | ૧૩ |
| સાહસી ઘેટું - પ્રજ્ઞેશ દેવાંશી | ૧૪ |
| તું નાનો હું મોટો... - મથુર વસાવા | ૧૫ |
| અનાથોની માતાની મળેલી કૃપાની સાક્ષી | ૧૬ |
| અનાથોની માતાનું તીર્થધામ સમાચાર | ૨૦ |
| તમારો પત્ર | ૨૫ |
| કાવ્ય વિભાગ | ૨૮ |

તમારો પત્રવ્યવહાર નીચેના ઈમેઈલ એડ્રસ પણ આપ કરી શકો છો.
E-mail : ફાધર લૉરેન્સ એ. : frlawrencea@gmail.com
Mob. 9426759326
તંત્રી : શૈલેષ વાણિયા મો. ૯૭૨૪૦ ૫૧૪૭૨
shailesh.v18174@gmail.com

ખંભોળજ ધર્મવિભાગના મુખપત્ર "આપણી મા" બાબત :

મુખપત્ર માટે ખ્રિસ્તી, સામાજિક તેમજ ધાર્મિક મુદ્દાઓની યોગ્ય છણાવટ કરતા તેમજ સામાજિક ઉન્નતિમાં મદદરૂપ થાય તેવું હકારાત્મક વલણ ધરાવતું લખાણ મોકલવું. ચર્ચ, સમાજ કે વ્યક્તિ વિરોધી વલણ ધરાવતા લેખોને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં. જે તે લેખની જવાબદારી જે તે લેખકની રહેશે. મુખપત્રમાં ધંધાની જાહેરાત, શ્રધ્ધાંજલિ, કોઈપણ પ્રકારની શુભેચ્છાઓ નિયત દરે આપી શકાશે. આપણી માના પ્રકાશન કાર્ય માટે ઉદારતાથી ફાળો આપ. આપની 'અનાથોની મા' વિશેની સાક્ષી ફોટા સાથે આવકાર્ય 'આપણી મા' મુખપત્ર માત્ર ખાનગી વિતરણ માટે જ છે.

"આપણીમા"માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે "આપણીમા" બંધાયેલ નથી.

# સંદેશ

- ફાધર લૉરેન્સ એ.



**માતા મરિયમ : મહા મિશનરી**

ઓક્ટોબર મહિનામાં આપણે મિશન રવિવારની ઉજવણી કરીએ છીએ, અને ગુલાબમાળા દ્વારા ઈશ્વરના વચનો ઉપર મનન ચિંતન કરતા માતા મરિયમની સ્તુતિ કરીએ છીએ. માતા મરિયમ પોતાના જીવનમાં ઈશ્વરની વાણી ઉપર મનન ચિંતન કરતા એમની સાથે એક થઈ ગયા હતા. ઈશ્વરની વાણીને કાર્ય દ્વારા પ્રગટ કરતા એમની ઈચ્છાને આધીન થયા, ઈશ્વરના મિશનને પોતાનું મિશન બનાવી દીધું તેના માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. એમના મિશનરી કાર્યો વિવિધ હોય છે. દા. ત. પોતાનું પ્રાર્થનામય જીવન, ઈશ્વર ઉપર વિશ્વાસ, બાળ ઈસુનો ઉછેર અને શિક્ષણ, કૌટુંબિક જવાબદારીને નિભાવતાં જરૂરિયાતમંદ લોકોની મદદ કરતાં અને પ્રેષિતોની સાથે મળીને પ્રાર્થના, પ્રેષિતોને પ્રોત્સાહન આપતા, આદિ ધર્મસભાને માર્ગદર્શન આપતા તેઓ મિશનરી બન્યા.

સ્નાન સંસ્કાર પામેલા દરેકને મિશનરી થવાની હાકલ છે. આપણે ઈસુ અને માતા મરિયમના ભક્ત હોઈએ તો માતા મરિયમના મિશનરી લાક્ષણિકતાઓમાંથી કેટલા આપણા જીવનમાં હાજર છે અને કેટલાકને આપણે આપણાં જીવનમાં વાપરીએ છીએ. સાચી માતા મરિયમની ભક્તિ એટલે માતા મરિયમની જેમ સાચે વાણી તથા વર્તન દ્વારા મિશનરી થવું.



# અનાથોની માતાનું ધામ

## :: કાર્યક્રમની રૂપરેખા ::

| | |
|---|---|
| ૧૮-૧૦-૧૯ | દિવાળીના મેળાની પૂર્વ તૈયારી અર્થે સાંજે ૬-૦૦ કલાકે ખ્રિસ્તયજ્ઞ ત્યારબાદ નવસંધ્યાભક્તિ. |
| | (દરરોજ સાંજે નવ દિવસ સુધી) સવારે ખ્રિસ્તયજ્ઞ થશે નહીં રવિવાર સિવાય. |
| | નોવિનાનો અંતિમ દિવસ ૨૬-૧૦-૧૯ શનિવારના રોજ ખ્રિસ્તયજ્ઞ બાદ માતા મરિયમનું સરઘસ, ગુલાબમાળા (મીણબત્તી સાથે) |
| ૧૦-૧૧-૧૯ | રવિવાર યુવાનો માટે એકદિવસીય સેમિનાર. (યુથ) |
| ૧૭-૧૧-૧૯ | રવિવાર બાળદિનની ઉજવણી. (બાળકો માટે) |
| ૨૯-૧૨-૧૯ | રવિવાર નાતાલ પર્વની ઉજવણી અને કૌટુંબિક મિલન, (પવિત્ર કુટુંબનું પર્વ). ગેટટુગેધર સાથે ભોજન. |

**સભાપુરોહિત - ફાધર લૉરેન્સ એ.**
**ખંભોળજ**

## ધર્મશિક્ષણ વર્ગ

બીજો ને ચોથો રવિવાર
તાબાના બાળકો માટે ધર્મશિક્ષણ વર્ગ
સમય : સવારે ૯-૪૫ થી ૧૦-૩૦

**:: સ્થળ ::**

કેથોલિક ચર્ચ, ખંભોળજ,

**: સભા પુરોહિત :**

**રેવ. ફાધર લૉરેન્સ એ.**



# આપણી મા

તંત્રીની કલમે -શૈલેષ વાણીયા 'શૈલ'

કેથોલિકપંચાગ મુજબ ઓક્ટોબર મહિનો ગુલાબમાળાનો. એવું નથી કે માત્ર તે મહિના પૂરતું જ ગુલાબમાળા બોલવી કે રટણ કરવું. ધાર્મિક પુસ્તકમાંથી મળેલ માહિતી મુજબ વડાધર્મગુરુ પોપ પિયુષ પાંચમાએ ૧૫૭૩માં ગુલાબમાળાની ભક્તિ, ઓક્ટોબરની ૭ તારીખે ગુલાબમાળાની રાણીની સ્થાપના કરી તેવું માનવામાં આવે છે. દુનિયાભરમાં માતા મરિયમના ચર્ચ આવેલા છે. ગુજરાતમાં સુપ્રખ્યાત યાત્રાધામ એટલે ખંભોળજ મા અનાથોની નિરાધારોનો એકમાત્ર આધાર તે સમયમાં તુર્ક પ્રજા પર ગુલાબમાળાની પ્રાર્થના વડે ખ્રિસ્તી પ્રજાએ મેળવેલ વિજયની યાદમાં આ પર્વની શરૂઆત કરવામાં આવી. ગુલાબમાળાની ભક્તિ પોપ પિયુષ બારમાં ૧૮૮૪માં શરૂ કરી. લેટિન ભાષાના રોસરી શબ્દ રોસેરિમમાંથી ઉદ્‌ભવ્યો છે. એનો અર્થ ગુલાબનો બગીચો થાય.

માતા મરિયમને સ્વર્ગમાં ગુલાબની ભેટ આપવામાં આવી હતી. હે અમારા બાપ પ્રાર્થના બોલતા સમયાંતરે પ્રણામ મારિયા પ્રભુતારી સાથે છે. જેની સાથે ઈશ્વર હોય તેને કશાની ખોટ પડતી નથી. પૂરાણકાળમાં જ્યારે એલિઝાબેથે ઉચ્ચારેલ મરિયમ સ્તુતિ ભાગ્યવંત તું સર્વસ્ત્રીઓમાં અને ભાગ્યવંત તારા ઉદરનું ફળ ઈસુ એમ કહેવાય છે કે ૧૨૧૪માં માતા મરિયમે સંત દોમિનિકને ગુલાબમાળાની ભેટ આપી હતી. માતા મરિયમનું આ દર્શન ગુલાબમાળાની માતા મરિયમ તરીકે જાણીતું છે.

સૌ ઘેર ઘેર માળા ગુલાબની જપાય.

ગુલાબમાળાની રચના આ મુજબ છે. નાના ક્રોસ અને પછી તુરંત પાંચ મણકા આ પછી પાંચ મર્મો દસકાના દસ દસ મણકા આ સંદર્ભે ટૂંકો પ્રસંગ આલેખવાનું મન થાય છે.

રોજની ટેવ મુજબ અમિત જ્યાં જાય ત્યાં તેના ખિસ્સામાં રોસાળ રાખતો તેનું કુટુંબ પૈસાદાર નહતું મધ્યમ વર્ગમાંથી આવતો, ધાર્મિક સંસ્કારો ઘરમાંથી મળેલ ભક્તિનું ભાથું મા-બાપ તરફથી વારસામાં આવેલ નવરાસની પળોમાં છોકરો નિયમિત રોસાળનું રટણ કરતો આ જોઈને અડોસ પડોશના લોકોને ગમતું નહીં. ન બોલવાના વહેણ અમિત તથા તેના મા-બાપ માટે બોલતા. આમ છતાં મહેણાના માર હોવા છતાં આ બાળકે ગુલાબમાળા બોલવાની બંધ ન કરી. નિયમિત ઉપસાના વિધિમાં ભાગ લેતો ચર્ચમાં જતો.

એક દિવસની આ વાત છે. અમિત જ્યારે શાળાએથી પોતાના ભેરું સાથે ઘર તરફ આવી રહ્યો હતો. અચાનક તેની નજર ખિસ્સા ઉપર પડી. હાથ નાખતા માલુમ પડયું કે રિશેષમાં જે રોસાળ બોલવા લીધી હતી તે મારી બેંચ ઉપર રહી ગઈ છે. મિત્રો સાથે વાત કરી અધ વચ્ચેથી તે દોડતો વર્ગમાં ગયો. રોસાળ લઈ પાછો આવતા માઠાં સમાચાર મળ્યા. તેના મિત્રો ઉપર મધ માખીના ટોળાએ હુમલો કર્યો છે. તેઓના આખા શરીર ઉપર ડંખ માર્યો છે. આંખે, મોંઢે, જીભે, હોઠે, ડંખ... ડંખ... ડંખ.... વાત સાંભળતાજ અમિત તે પગલે પાછો હોસ્પિટલમાં જવા રવાના થયો. રસ્તામાં રોસાળ બોલતો મારા મિત્રની વ્હારે થાજો. હે મા મરિયમ તેમને સારી તંદુરસ્તી આપજો. હોસ્પિટલમાં મિત્રોને મળે છે, મિત્ર કહે છે. ભાઈ અમિત તારી વાત સાચી છે. આપણી મા તો કષ્ટો, સંકટોમાંથી બચાવનારી છે. જો અમે તારી સાથે આવ્યા હોત તો અમારો આ જોખમમાંથી બચાવ થાત.

મા મરિયમ તો જગતજનની છે. પૃથ્વીના દુઃખ તેઓએ સહન કર્યા. શારીરિક પીડા, સામાજિક ત્યાગ આપી પોતાનો એકનો એક લાડકવાયો જગતની મુક્તિ કાજે અર્પણ કર્યો. એ માતામાં વિશ્વાસ રાખનાર કદી ખાલી હાથે પાછું ફર્યું હોય તેવું જાણ્યું નથી. તેની ભક્તિ સેવા કરનાર ઉપર આવેલ દુઃખ, દર્દ મા પોતે હરી લે છે. એ વાતની સાક્ષી આજ છે. મારા જીવનમાં મા અનાથોનીએ ઘણા ઉપકાર કર્યા છે. સારા મા-બાપ, ભાઈ-બહેન, જમીન-જાગીર માત્ર એક વાતનું દુઃખ બાળક  નહતું. સરકારી નોકરી છતાં છોકરે બામણના સમે તેવી દશા. હિન્દુ મિત્રના કહેવાથી ખંભોળજની બાધા લીધી.

વતનથી અનાથોનીના ધામે પાંચ રવિવાર પદયાત્રા કરવી. બાધા લીધાને બીજા અઠવાડિયે સારા સમાચાર મળ્યાં. પ્રથમ પુત્રનું દાન ત્યારબાદ પુત્રીનું દાન. પાંચ વર્ષ લગ્ન જીવનના થયા બાદ મોટી ઉંમરે લગ્ન જીવન હતું. આજે માની કૃપાથી હું સુખી છું. પ્રભુ કહે છે કે, "ઝઝૂમતાં દુઃખોથી ડરીશ નહીં. ધ્યાન રાખ કે શેતાન તમારી કસોટી કરવા તમારામાંના કેટલાકને કારાગારમાં નાખનાર છે. અને દસ દિવસ સુધી તમારે આફત વેઠવી પડશે. તું મરતાં સુધી વફાદાર રહેજે અને હું તને જીવનનો વિજયમુકુટ આપીશ." (દર્શન ૨ :૧૦)

મા મરિયમને વફાદાર રહેનાર જીવનમાં ક્યારેય દુઃખી થતું નથી તેમને મળેલ મહિમા ગરિમા, કૃપાને તેઓએ સંભાળ્યા. પ્રભુને ગર્ભમાં ધારણ કરી પ્રભુની મા બન્યા. "પ્રણામ તારી ઉપર પ્રભુની કૃપા ઉતરી છે. પ્રભુ તારી સાથે છે." (લૂક ૧ :૨૮) દરેક મનુષ્ય જીવનમાં ઈશ્વરી કૃપા ઉતરે છે. તેને સમજવા, જોવા માટેની આપણી દ્રષ્ટિ વિશાળ કરવાની જરૂર છે. આપણા મનને ખુલ્લા રાખી ઈશ્વરને આવકારીએ નાચગાન સાથે ઈશ્વરમાં જોડાઈએ. મરિયમે ખંજરી લીધી અને બધી સ્ત્રીઓ તેની પાછળ પાછળ ખંજરી લઈને નીકળી અને નાચવા લાગી. (મહાપ્રસ્થાન ૧૫ : ૨૦)

અનાથોની માતાના ધામે પુષ્કળ શ્રદ્ધાળુઓ દર્શન કરવા રોજે રોજ દરબારમાં આવે છે. કેથોલિકની સાથે બિન કેથોલિક શ્રદ્ધાળુઓ પૂરા વિશ્વાસે આવે. અરજો, વિનંતીઓ ચરણે મૂકે. માની મધ્યસ્થીથી પુત્ર ઈસુ તેઓને ચમત્કારની અનુભૂતિ કરાવે. માટે જ ગાયું છે કે,

તારા શરણમાં આવેલ કોઈ પણ જન
જાણ્યુ રે નવ કૃપા વિણ તે રહ્યા રે....

જીવનની સઘળી ચિંતા, વિંટબળા હતાશા, કંટાળો, તણાવ, ગેરસમજ, નિષ્ફળતા છોડી ગુલાબમાળાનું રટણ પછી જોવો કેવો અનુભવ જીવનમાં થાય છે. આપણી મા સર્વને સુખાકારી બક્ષે. ઈસુ કહે છે, મારો આનંદ તમારો આનંદ બને અને તમારો આનંદ પૂર્ણતાને પામે (યોહાન ૧૫ :૨૧).



# કેળવણી

-શૈલેષ રાઠોડ

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ઉત્તમકોટિના વક્તા તરીકે જાણીતા હતા. દૂર દૂરથી હોંશિયાર વિદ્યાર્થીઓ અને સરકારી ઓફિસર એમનાં લેક્ચર્સ સાંભળવા આવતા.

એકવાર તેઓ એક નાનકડા શહેરમાં ભાષણ આપવા ટ્રેનમાંથી ઊતર્યા. તેમને સાંભળવા એક યુવાન સરકારી ઓફિસર પણ આવ્યો હતો અને તે પણ એ ટ્રેનમાંથી ઊતર્યો. તેના હાથમાં નાનકડી સૂટકેસ હતી. તેણે સ્ટેશન પર ઊતરતાં જ બૂમાબૂમ કરી મૂકી, કૂલી... કૂલી....

ઈશ્વરચંદ્રએ આ જોયું. તેમણે યુવાનને કહ્યું, ભાઈ આટલી નાની બેગ માટે કૂલીની શી જરૂર ? જાતે ઉંચકી લે, પૈસા બચાવ. ઓફિસર તો સરકારી નોકરીના અભિમાનમાં બોલ્યો, હું તો ભણેલો-ગણેલો ઓફિસર છું. બેગ ઉંચકુ તો મારી પોઝિશનમાં પંકચર પડી જાય.

વિદ્યાસાગર બોલ્યા, ભાઈ ભણતરથી નમ્રતા આવવી જોઈએ ગર્વ નહીં, તમે આટલી નાની બેગ જાતે નહીં ઉંચકો તો તમારું શરીર કેમ ઊંચકશો ? ચાલ, તારી બેગ મને આપી દે, હું ઉંચકી લઈશ.

વિદ્યાસાગર ઓફિસરની બેગ ઊંચકીને ચાલવા લાગ્યા. ઓફિસરને લેવા સરકારી ગાડી આવી હતી. તેમાં એમણે બેગ મૂકી દીધી. ઓફિસર એમને મજૂરીના પૈસા આપવા લાગ્યો. તે એમણે ન સ્વીકાર્યા.

ભાષણનો સમય થયો ત્યારે ઓફિસર હોલ પર પહોંચ્યા. ત્યાં જઈને જુએ છે તો એની બેગ ઊંચકનારને તો કેટલાય લોકો હાર પહેરાવી રહ્યા હતા. તેના પસ્તાવાનો પાર ન રહ્યો. શરમનો માર્યો તે ઊંચુય ન જોઈ શકયો. તેને ભણતર અને કેળવણી વચ્ચેનો ભેદ સમજાઈ ગયો. વિદ્યા વિનયથી શોભે છે.



# મુંઝવણ

-અનિલ વાઘેલા, નડિયાદ

એક ભારે સમાચારે લોકોને વિચારતા કરી દીધા. કોઈને વિશ્વાસ જ નહોતો બેસતો, અકૃપા લાગતી હતી. શી રીતે બને. શ્રદ્ધાવાળા તો આને ચમત્કાર જ માનતા હતા.

પાંત્રીસ-ચાલીસ વયના રંજનબેન કેન્સરથી પિડાતા હતા. હવે કેન્સર જેવો ભયાનક રોગ માણસનો જીવ લીધા વગર જાય ખરો ? પણ કહે છે કે રંજનબેનના દેહને કોરી ખાતો કેન્સર માતા મરિયમની કૃપાથી મટી ગયો ને હવે રંજનબેન બિંદાસ્ત હરીફરી રહ્યાં છે. ને હવે માતા મરિયમનો આભાર માનવા ભવ્ય ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યાં છે.

લોકો પણ જેમ જાણ થાય છે તેમ રંજનબેનની મુલાકાતે આવે છે. રંજનબેન જવાબ આપતા પણ થાકે છે. ખરેખર રંજનબેન એકદમ તંદુરસ્ત બની ગયા છે, જાણે કશું થયું જ નથી. એટલે ઉજવણી કરે એમાં નવાઈ નહિ. આડોશી પાડોશીએને પેંડા પણ વહેંચવા માંડયા.

હવે ઘરમાં ચર્ચા વેગવાન બની છે. મરિયમનો આભાર માનવા કયું સારું ધર્મસ્થળ પસંદ કરવું. એમાં મતમતાંર પડયાં આમેય તેઓને બહાર ફરવા જવાનો અવસર મળ્યો નહોતો તેથી આ પણ તેમને નિમિત્ત લાગ્યું. યાત્રાની યાત્રા ને બહાર ફરતુંય અવાય. કોઈ કહે કે દિવ્યદયાના ધામ સલુણ જઈએ, બહું રળિયામણું સ્થળ છે ત્યાં જનાર ભલભલાના રોગ મટી જાય છે. હજારો લોક ત્યાં યાત્રાએ જાય છે ને દિવ્ય દયાની કૃપા પ્રાપ્ત કરે છે.

તો કોઈ કહે, ના સલુણ નહિ એ તો બહું નજીક છે એટલે એનું બહું મહત્વ નહિ થોડું દૂર હોવું જોઈને ને ભાડુ પણ લાકડાતોડ હોવું જોઈએ, ને ગર્વ ઉપજે એવું પણ તોજ સંતોષનો ઓડકાર આવે. હજુ બાકરોલ કહો તો ચાલે, ના ના બીજું કોઈ સ્થળ નક્કી કરો, ને સલુણ તો શુક્રવાર જઈએ જ છીએ ને !

યાકુબભાઈ : ના ના એવું કાંઈ નહિં, કોઈ પણ પ્રભુ મંદિરમાં ઈશ્વર તો હાજર જ હોય. પણ શ્રદ્ધા હોય તો નજીક શું ને દૂર શું ? કંઈ ફેર પડે નહિ. પ્રભુ તો આપણું અંતર જૂએ છે.

અવનિકા : પપ્પા, તમે એવું કેમ વિચારો છો, જરા એડવાન્સ થાવ, સલુણ તો ભાજીમુરા જેવું થઈ ગયું છે. ચાલતાંય કલાકમાં પહોંચી જવાય એવું. હજુ માઉન્ટ મેરી જેવું કોઈ જોજન દૂર હોય તો સમજયા હવે, પણ એનું મહત્વ બહુ રહે. સમાજમાં પણ પ્રતિષ્ઠા વધે. ત્યાંથી ભેટ આપવાની પણ ઘણી વસ્તુઓ છે. મિણબત્તી, ગુલાબમાળા, વિકલાંગના મીણના અવયવો ને એવી તો કેટલીય ચીજો એ ભેટરૂપે કોઈને આપીએ તો કાયમ આપણને યાદ કરે.

રંજનબેન : આ છોકરા કહે છે એ સાચું હો. નજીકના સ્થળ કરતાં લાંબા અંતરે આવેલા સ્થળનું મહત્વ ઓર વધે છે ને આનંદ પણ કેટલો ? એકદમ તાજગી આવી જાય. હજું ખંભોળજનું કહો તો પોષાય. ઘટાઘોર ગુલમહોરના છાંયડા નીચે બાંકડા પર આખું ફેમિલી બેસી શકે. બોલો કેટલો આનંદ ! ને મુસાફરીમાં પણ ખાસ્સો સમય જાય. ને ત્યાંનુ ચર્ચ પણ કેવું ભવ્ય ? પવિત્ર મરિયમની પ્રતિમા ને તેમની ભાવવાહી ને ચમકતી આંખો જોઈને પરિતૃપ્તિ થઈ જાય ને એની પાસે જ વધસ્તંભ પર જડેલા કારુણ્ય મૂર્તિ ઈસુની આગળ તો હાથ જોડીને નમીજ પડાય. ખંભોળજનું પુન બહું વધારે છે. અગણતિ લોકોની અંગત મુશ્કેલીઓ તે દૂર કરે છે, કોઈને નિઃસહાય જવા દેતી નથી એટલે ખંભોળજ જ જઈએ, શું કહે છે અવનિ તું !

યાકુબ : તારી શ્રદ્ધા જો ત્યાંની હોય તો પછી ખંભોળજ જ રાખો. દિવાળી પરનો મેળો તો સદા યાદ રહી જાય એવો ભરાય છે.

અવનિકા : હા પપ્પા, દિવાળીને દિન ખંભોળજ જવાનું ગોઠવો. ને મમ્મીને પણ ત્યાંની જ બાધાથી મટયું ને ?

યાકુબ : માતા મરિયમે તારી મમ્મીનો અસહ્ય રોગ મટાડયો છે. એ કંઈ જેવી તેવી બાબત નથી. મોટો ચમત્કાર છે, એને નવું જીવન આપ્યું છે. મારો વિચાર તો માઉન્ટ મેરીનો છે, એટલે મારું માનો તો આપણે માઉન્ટ મેરી જઈએ.

અવનિકા : બસ ? ખંભોળજ રદ કરી નાંખ્યું ? મારી તો માનતા છે કે ખંભોળજવાળી માએ જ મારી મમ્મીને સાજી કરી છે, તમે ના આવો તો હું એકલી ખંભોળજ જઈ બાધા પૂરી કરી આવીશ.



# બાળમિત્ર - આજ્ઞાપાલન

-પ્રિતી પરમાર, ખંભોળજ

વ્હાલા બાળમિત્રો આજે હું તમારી આગળ એક સુંદર વાર્તા રજૂ કરવા જઈ રહી છું. ધ્યાનથી વાંચી જીવનમાં ઉતારજો. રાજનગર નામે સુંદર ગામ હતું. ગામમાં સુખ-સંપત્તિ ને આબાદીથી ભરપૂર. વારંવાર ધર્મગુરૂ દ્વારા ગામની મુલાકાત લેવામાં આવતી હતી. બાળકના વિકાસમાં અવનવી પ્રવૃતિ તેઓ કરતા. શિખામણ આપતા, જીવનમાં ઉપયોગી થાય તેવું ભાથું પિરસતા.

ઉનાળામાં વેકેશનમાં ધર્મગુરૂ દ્વારા વી.બી.એસ. વ્યક્તિ ઘડતર બાળદિન, ધર્મશિક્ષણ જેવી શિબિરો રાખવામાં આવતી. તેની પાછળ મોટો ખર્ચ કરાતો. આ વખતે પણ કંઈક આમ બન્યું. વર્ગ શરૂ કરવામાં આવ્યા. ગામે ગામથી બાળકો જોડાયા. તેમાં જેક અને મેક બન્ને બાળકોએ ભાગ લીધો. જેવું તેઓનું નામ તેવું તેમનું કામ. તેમની વાત ધર્મગુરૂના કાન સુધી આવી હતી. ગુરુ સમજુ ને શાણા. જ્યાં સુધી પોતે અનુભવે નહીં ત્યાં સુધી કોઈને કંઈ કહેતા નહીં. જેક, મેક શાળા, ઘર, કે પછી શિબિર, સેમિનાર તેઓને માત્ર તોફાન, તોફાન ને તોફાન. ઘરમાં કોઈ તેમને કંઈ કહે નહીં. કોઈની વાત માને નહીં. મા-બાપ, શિક્ષક કે વડિલ કોઈનું કાને ધરે નહીં.

ધર્મગુરૂ દ્વારા આયોજિત વી.બી.એસ.માં તેઓ પણ આવ્યા. ગામેગામથી પુષ્કળ બાળકો જોડાયા. જેક અને મેકને લાગ્યું કે ચાલો આપણે ભાગ લઈએ. મઝા કરીશું. તેઓ રાસનોલ ગામના પ્રતિનિધિ તરીકે હાજરી આપી. આવતાની સાથે જ પોતાનું પરાક્રમ બતાવવાનું ચાલુ કર્યું. બગીચામાં જઈને કેરીઓ પાડીને ખાવા લાગ્યા. તેઓની વાત ધર્મગુરુ સુધી પહોંચી. વિચારવા લાગ્યા બાળક છે હશે. બીજો દિવસ થયો બાથરુમના નળ ખોલી નાખ્યા. પાણીની ટાંકી ખાલી. ફરિયાદ ધર્મગુરૂ જોડે ગઈ. ધર્મગુરૂને લાગ્યું કે હવે પાઠ ભણાવવાનું સમય પાકી ગયો છે. બન્નેને બોલાવ્યા. પુછયું તમે નળ ચાલું કર્યો. પહેલા હા પાડી પછી કહ્યું અમે બંધ પણ કર્યા હતો. ગુરુ બોલ્યા સારું તમે બહું ડાહ્યા દિકરા છો મારી વાત સાંભળો એક નાનું કામ કરવાનું છે. આવતી કાલે વહેલી સવારે તમારે મને આવીને "ગુડ મોર્નિંગ" કહેવાનું છે. જેક, મેક સારું કહી બન્ને ગયા. બીજા દિવસે તેઓ આજ્ઞા પાલન કરવા આવ્યા. ધર્મગુરુને પગે લાગ્યા ને ગુડમોર્નિંગ બોલ્યા. ગુરુ ખુશ થયા તેઓએ કહ્યું, ચાલો આપણે બાગમાં જઈએ. એક છોડ બતાવ્યો શું તમે આ ઉપાડી શકો, આ સાંભળી જેક દોડતો ગયો એકજ હાથે જમીનમાંથી છોડને ઉખેડી નાખ્યો. ધર્મગુરુ બોલ્યા શાબાશ. પછી તેઓએ મોટું ઝાડ બતાવ્યું શું તમે આ ઝાડ ઉખાડી શકો ? તરતજ બન્ને માથુ હલાવીને ના પાડી. ધર્મગુરુ બોલ્યા મનુષ્યનું પણ એવું જ છે. બાળપણમાં જે ટેવ રહે તે જતા દિવસે મોટા ઝાડ જેવી થઈ જાય છે. ક્યારેય ઉખાડી ઉખડતી નથી. બાળપણમાં પડેલી ટેવ જીવંત પરિયાત રહી જાય છે તો બાળમિત્રો આવો મારી સાથે સંકલ્પ કરો કે આજથી અમે મા-બાપ, શિક્ષક, વડિલ, ધર્મગુરુ, મોટાઓની આજ્ઞાનું પાલન કરીશું. મારામાં રહેલી નબળાઈ ને હું આજથી છોડી દવ છું. જેક અને મેક બન્ને ધર્મગુરુના પગે લાગી રડતી આંખે વર્ગ તરફ ચાલ્યા ગયા.

બન્ને મિત્રો ઉંમર અને કદમાં વધતા ગયા. જોતજોતામાં આજે એક શિક્ષક અને બીજો કલેકટર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. ધર્મગુરુ દ્વારા બન્નેના જીવનમાં સુખની સરવાણી ફુટી નીકળી છે. તેના માટે પરિવર્તન જરૂરી છે. ભૂલોને સુધારીએ હજું કંઈ ગયું નથી. ઈશ્વર આપણી સાથે છે સર્વ બાળમિત્રોનું ભલું હો.

પ્રભુ ઉપર તું રાખ વિશ્વાસ
તને કદી ન કરશે નિરાશ.

# ગુલાબમાળાનાં મહારાણી મરિયમ



-'રાજબંધુ' જયંત એમ. પરમાર, વડોદરા

માતાના ત્રણ ગુણો - મરિયમની શ્રદ્ધા, કૌટુંબિક જીવનની આધારશીલા અને માતાનું સમર્પણ. પર સુંદર પ્રકાશ જીવન આપણા બધા માટે મરિયમે ઉમદા દ્દષ્ટાંત આપી જગત જનનીનું બિરુદ પામી, સ્વર્ગનાં મહારાણી બની ગયા. એ માતાના માનમાં યાત્રાધામોમાં શ્રદ્ધાળુઓએ સુંદર આયોજન કરી પૂરી શ્રદ્ધા-ભક્તિથી હાજરી આપી હતી. ધર્મજનો અને ફાધરે અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો. આ રીતે માતાજીની નવ દિવસની સાંધ્યભક્તિનો પ્રારંભ કર્યો હતો.

હે ઈશજનની ! મહાદૂત મિખાએલ ગાબ્રિએલે તમને પહેલીવાર જ્યારે કૃપા પૂર્ણ કહીને સંબોધેલા. માનપાન અને સન્માનપૂર્વક એ શબ્દો ઉચ્ચારેલા. હે અત્યંત પવિત્ર નિષ્કલંક કુમારી, આદિકાળથી પવિત્ર ત્રૈક્યદેવે તમને વિશ્વના તારણહાર ભગવાન ઈસુના વિશુદ્ધતમ જનેતા તરીકે પસંદ કરી રાખ્યાં હતાં.

મા-મરિયમને દયાળુ અને પ્રેમાળમાતા કહી, તેમના જીવનમાંથી અમુલ્ય ગુણો-દયા-લાગણી-કરુણા-પ્રેમ અને સેવાના ગુણોને જીવનમાં ઉતારીએ. મરિયમ એક સંકટ સમયે બચાવનારી બારી છે. હે વ્હાલા શ્રદ્ધાળુઓ જ્યારે જ્યારે તમે સંકટમાં ફસાયા હોય તો માતા મરિયમની બારીએ જાઓ. માતા તમારા બચાવ માટે તૈયાર બેઠા છે. તેમની આગળ તમારી મુશ્કેલીઓ રજૂ કરો અને અંતઃકરણ પૂર્વક તેમની પ્રાર્થના કરી વિનંતી કરો - હે પવિત્ર મરિયમ આ સંકટમાંથી ઉગારી લો. તમે અમારા મધ્યસ્થી બનો, તમારા પુત્ર પ્રભુ ઈસુ પાસે અમારી અરજોને રજૂ કરો અને સંકટમાંથી બહાર કાઢી આશીર્વાદીત કરો. એવી વિનંતી અમો કરીએ છીએ. ચોક્કસ માતા મરિયમ તમને નિરાશ નહીં કરે !

મરિયમ પર પૂરો ભરોસો રાખો. પૂરા વિશ્વાસથી અને સંપૂર્ણ શ્રદ્ધાથી પોતાની અરજો રજૂ કરો. માતા ચોક્કસ તમને મદદ કરશે જ. મરિયમ પ્રભુ ઈસુની મધ્યસ્થી બનીને ભક્તોની માગણીઓ રજૂ કરે છે. પુત્ર ઈસુ માની આ માગણીઓનો સ્વીકાર પણ કરે છે. કાના ગામનો પાણીનો દ્રાક્ષારસ બનાવી પ્રથમ ચમત્કાર કરી માની ઈચ્છા પૂરી કરી. મા વિશ્વાસુ છે, મા હંમેશા પોતાનાં બાળકોની ચિંતા કરે છે. જેમ સમાજની મા પોતાના બાળકને સંતોષ અને આનંદ આપે છે. અહીં એક ફાધરે માતાના સ્વરુપોની ચર્ચા કરી. (૧) સમાજની ગરીબ કુમારી (૨) મરિયમ માતા તરીકે નહીં પણ ઈશ્વરની ધરતી તરીકે સ્વીકાર કરે છે (૩) મરિયમ ભાવિક ભક્તોની મધ્યસ્થી બની ભાવિક ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. (૪) મરિયમ હંમેશાં પૃથ્વી પર રહી, સ્વર્ગનું સ્થાન પણ શોભાવે છે.

માતા મરિયમ પવિત્ર ધર્મસભાના રક્ષક સંત બની પ્રથમ લેમેન બની, લોકોને સેવા-સમર્પણ અને ત્યાગની ભાવનાનો પાઠ ભણાવી પોતાની જાતિનો ધાર્મિક વિકાસ કર્યો ને પ્રભુ ઈસુના પ્રથમ સાક્ષી બની માતા ધર્મસભાનું રક્ષણ કરી રહ્યાં છે. તો આવા ભક્તિભાવપૂર્વક તહેવારની ઉજવણી કરીએ.

**જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ**
**૨૦૨૦ માં**

આવતા મહત્વના દિવસો ધર્મસભાના
પર્વને ધ્યાનમાં લઈને
લેખ લખવા. આપના લેખ તથા કાવ્યની ,સંપૂર્ણ
જવાબદારી જે તે વ્યક્તિની રહેશે.
નવેમ્બર મહિનાની ૧૦ મી તારીખ સુધીમાં તંત્રીશ્રીને
અથવા ચર્ચ ઑફીસમાં મોકલી આપવા વિનંતી.

**તંત્રી શ્રી સરનામું :** ગોકુલધામ સોસાયટી,
કેથોલિક ચર્ચ સામે, નં. ૪૦,
ખંભોળજ, તા. જી. આણંદ. પીન નં. ૩૮૮ ૩૩૦.
મો. ૯૭૨૪૦ ૫૧૪૭૨

**પ્રકાશક : રેવ. ફાધર લોરેન્સ એ.**
કેથોલિક ચર્ચ, ખંભોળજ, તા. જી. આણંદ.
પીન નં. ૩૮૮ ૩૩૦.
મો. ૯૪૨૬૭ ૫૯૩૨૬



# સ્ત્રી સ્વાતંત્ર ને સમર્પણ

-ડૉ. પ્રિતી રાઠોડ

સ્ત્રી અને સંવેદના એકબીજાના પૂરક છે. દરેક સમાજની, રાષ્ટ્ર કે પરિવારની ઓળખ મેળવવી હોય તો... પહેલાં સ્ત્રીની વાસ્તવિક સ્થિતિ ચકાસાવી જોઈએ. કોઈપણ રાષ્ટ્રના વિકાસનું આંકલન જે તે દેશની મહિલાઓ ઉપરથી કરવામાં આવે છે. સ્ત્રીઓએ જ્યારે જ્યારે સફળતા માટે જીદ કરી છે ત્યારે ત્યારે સફળતાના શિખરો સર કરી ચુકી છે. જરૂર છે તક, સ્વતંત્રતા ને સમજણની.

સ્ત્રીની સવાર પોતાના માટે નહીં પણ પરિવાર માટે થાય છે. સ્ત્રી હંમેશા અંકુર પામતો છોડ છે. તેને પ્રેમ ને સન્માન મળશે તો અઢળક ફળોને ફૂલો આપશે. સ્ત્રી ઘરમાં સજાવેલું ફૂલ કે ફૂલદાની નથી... સ્ત્રી ઘર ને સમાજને સજાવનાર વટવૃક્ષ છે. સ્ત્રી લાચાર હોઈ જ ન શકે. મારી દ્રષ્ટિએ અવકાશ યાત્રી કરતા ચડીયાતી છે જ્યારે તે જવાબદારીપૂર્વક ઉત્તમ રીતે સંસ્કાર ને શિક્ષણ સિંચન દ્વારા બાળકનો ઉછેર કરે. ઉત્તમતા સિદ્ધ કરવા ડિગ્રીઓ જરૂરી નથી. સિદ્ધિઓ સ્ત્રીનું મૂલ્ય નક્કી કરે તે યોગ્ય નથી.

સ્ત્રી મૂલ્યવાન છે. જે સ્ત્રી પરિવારની જવાબદારીથી લઈ બસ કંડકટર કે અવકાશ યાત્રીની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે છે તે સહુ વિજેતા છે. સ્ત્રી પ્રેમ ઝંખે... સ્ત્રી સન્માન ઝંખે, સ્ત્રી ઉત્તમ માતા, ઉત્તમ ડ્રાયવર ને કે ઉત્તમ વડાપ્રધાન બની શકે છે તેની પાછળનું કારણ તેની ધીરજ છે.

સ્ત્રી ઈજનેર બની ઉત્તમ ડ્રાયવરનો નમૂનો પૂરો પાડે છે. ૨૪ વર્ષની પ્રતીક્ષા દાસ, મુંબઈની બેસ્ટ બસ સેવામાં પહેલી મહિલા ડ્રાઈવર બની છે. પ્રતીક્ષાએ હમણાં જ કાંદિવલીની ઠાકુર કોલેજમાંથી મિકેનીકલ એન્જીનીયરિંગમાં ડીગ્રી હાંસલ કરી છે. પ્રતીક્ષાને આરી.ટી.ઓ. ઓફિસર બનવું છે, અને તેના માટે હેવી વિહિકલનું ડ્રાઈવિંગ ફરજીયાત છે. નાની હતી ત્યારે બાઈક તો ચલાવતી હતી, મોટા થઈને ટ્રક ચલાવવાનું ખ્વાબ જોયું હતું. હવે બસ ચલાવે છે.

આવનાર દિવસોમાં આ બસ ડ્રાયવરને ઓફિસર હશે. એક પ્રતીક્ષા સમાજ માટે આશાવાદનું સિગ્નલ છે. પરિવારની સ્ત્રીઓને ખીલવા માટે તક આપો, પ્રતીક્ષા ના કરાવો. સ્ત્રીને શિક્ષણ નો હક્ક મળશે એટલે આપોઆપ સ્વાતંત્ર હક્ક મળશે. આ સ્વતંત્રતા પછી સ્ત્રી પરિવારને સમર્પિત બની ઉત્તમ ઉદાહરણ બનશે. શરૂઆત સ્ત્રી ઉચ્ચ શિક્ષણ, નોકરી વ્યવસાયને સ્વતંત્રતાથી કરીએ.


**URGENTLY NEEDED**
**CARETAKERS FOR ISRAEL**

- Working Visa (B1) for Caretakers in ISRAEL
- Special Training for Interview
- Hebrew language learning
- ANM/ GNM/ B.Sc Nurses (Male/Female) without Nursing can also apply
- Salary 90,000 and above
- English is must + 100% Visa & Job



**S. B. SERVICES**
**Contact: 99255 59518**

**Email Id:** caretakervisa@gmail.com



# ઈશ્વરની મહાન કૃપા

-ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી

કૃપા સર્વદા આવકાર્ય છે. ઈશ્વરનો અત્યુત્તમ આશીર્વાદ અને અજોડ દાન એટલે કૃપા. ઈશ્વર કૃપા કરે છે. માણસો પણ કૃપા કરી શકે છે. પરંતુ માણસે દર્શાવેલી કૃપા કરતાં ઈશ્વરે કરેલી કૃપા અનેક ઘણી ચડિયાતી છે. અહીં આપણે ઈશ્વરની કૃપાના મહત્વ વિષે વિવેચન કરીશું.

માણસનો ઉદ્ધાર કૃપા દ્વારા થયેલો છે. તેમાં વિશ્વાસ તો ખરો જ. તેથી પ્રેષિત પાઉલ સ્પષ્ટ જણાવે છે કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા ઉધ્ધાર પામેલા છો, એ તમારાથી નથી એ તો ઈશ્વરનું દાન છે (એફે. ૨:૮) એટલે કે ઈશ્વરની માણસો પ્રત્યેની લાગણી અને સહાનુભૂતિ તેમની કૃપા વડે વ્યક્ત થાય છે.

કૃપા દ્વારા ઈશ્વર માણસોને અનેક દાન આપે છે. તેને કૃપાદાન કહેવામાં આવે છે. તેનો ઉલ્લેખ પાઉલ પ્રેરિતે (એફે. ૧૨:૬-૮) માં કરેલો છે. તે મુજબ માણસોને વિશ્વાસના પ્રમાણમાં પ્રબોધ કરવાનું, તત્પરતાથી સેવા કરવાનું, સતત સક્રિય રહીને શિક્ષક તરીકે શિક્ષણ આપવાનું, સુબોધ કરવામાં લાગી રહેવાનું, ઉદારતાથી દાન આપવાનું, ખંતથી અધિકાર ચલાવવાનું અને ઉમંગથી દયા રાખવાનું દાન વિવિધ સેવકોને આપેલું છે. પાઉલે આ કૃપાદાનોને પ્રભુ તરફથી અપાયેલાં વરદાન તરીકે પણ ગણાવેલાં છે.

માણસોને ઈશ્વર તરફથી જો આવા કૃપાદાનો મળેલા હોય તો તેઓએ તેને પોતાના વર્તન વયવહાર દ્વારા વ્યક્ત કરવા જોઈએ. કેમ કે ઈશ્વર એવું ઈચ્છતા હોય છે. આ બાબતનો નિર્દેશ તિમોથીને શિક્ષણ આપતાં સંત પાઉલે કહેલું છે કે ઈશ્વરનું જે કૃપાદાન મારા હાત મૂકવાથી તને મળ્યું તેને તારે પ્રદીપ્ત કરવું. કેમ કે ઈશ્વરે આપણને ભયનો નહિ પણ સામર્થ્યનો આત્મા આપેલો છે. (૨ તિમો. ૧:૬-૭) જેઓને કૃપાદાનો મળેલાં છે તેઓનું વર્તન ઉપરાંત બોલવું એટલે કે વાણી વ્યવહાર પણ કૃપાયુક્ત અને સલૂણો હોય એવો અનુરોધ પાઉલે પોતાના પત્રમાં કહેલું છે.

ઈશ્વરની કૃપા અપાર અને અનંત છે. કેદખાનામાં તે યુસુફની સાથે અને મિસરના બંદીવાસમાં ઈઝરાયલ પુત્રોની સાથે હતી. બંદીખાનામાં દાનિયેલ પર ઈશ્વરની કૃપાદષ્ટિ થઈ હતી. અને સૂસાના કિલ્લામાં નહેમ્યા પર પણ કૃપા છવાયેલી હતી. ઈસુનાં જનેતા કુંવારી મરિયમ ઈશ્વરની કૃપા પામેલાં હોવાની ખાતરી તેમને પ્રભુના દૂત ગાબ્રિયેલે આપી હતી. ઉપરોક્ત પાત્રો ઉપરાંત અન્ય કેટલાંક પાત્રો પર ઈશ્વરની ભરપૂર કૃપા હતી. તેને પરિણામે તેઓની મારફતે આશ્ચર્યકારક સદકૃત્યો અને પરાક્રમ થયાં હતાં.

કૃપાના સંદર્ભમાં ત્રિએક ઈશ્વર વિષે વિચારીએ તો (પિતા) ઈશ્વર પોતે સર્વ કૃપાના ઈશ્વર છે (૧ પિતર ૫-૧૦). (પુત્ર) ઈસુ પોતાની ભરપૂરીમાંથી કૃપા પર કૃપા આપવા સમૃદ્ધ છે (યોહાન ૧:૧૭) અને પવિત્ર આત્મા પણ કૃપાના આત્મા છે (હિબ્રૂ ૧૦:૨૯).

ઈશ્વરની કૃપાનું આટલું બધું મહત્વ અને મૂલ્ય છે. તે ઘટતી નથી પણ વધતી જાય છે. તેથી માણસે શું વિશેષ અપરાધો કર્યા કરવા ? ના, એવું નહિ. આપણે તો ઈશ્વરની કૃપાને આધીન રહેવાનું છે.

કૃપાના આગમન અગાઉ નિયમશાસ્ત્રમાં વિહિત કરેલા નિયમપાલનને આધારે માણસોનો ન્યાય નિર્માણ કરાયેલો હતો. પરંતુ પ્રભુ ઈસુએ કૃપા દ્વારા ઉધ્ધારનો માર્ગ ઉઘાડયો છે. નિયમશાસ્ત્ર મૂસાની મારફતે આવ્યું હતું. પરંતુ હવે નવા કરારમાં કૃપા તથા સત્ય ઈસુ ખ્રિસ્તની મારફતે આપણને મળેલાં છે. એ ઈશ્વરનો મહાન આશીર્વાદ છે.

આપણે કૃપાના જમાનામાં જીવીએ છીએ. સાવધ રહેવાનું છે. અંતે કોપ અને કૃપાની તુલના કરીને લેખનો અંત લાવીએ. ઈશ્વર મહાન અને સામર્થ્યવાન હોવા છતાં તેઓ કોપ કરવામાં ધીમા અને મંદ છે. તે સાથે આપણે માટે એક સારી બાબત એ છે કે ઈશ્વર કૃપા કરવામાં અધીરા અને ઉતાવળા છે. એ કૃપા તેમના લોકો પર છવાયેલી રહે એજ પ્રાર્થના.

ઈશ્વરની કૃપામાં તેમની માણસો પ્રત્યેની ઉદારતા, પ્રેમ, સહાનુભૂતિ અને સૌજન્ય સંકલિત થયેલાં છે.

અસીમ કૃપા માટે ઈશ્વરનો અત્યંત આભાર.



# જિંદગી

-સંજય રોઝા

હેલો જિંદગી... બે દિવસ તે મને કેટલો બીઝી રાખ્યો કે, તારી સાથે વાત પણ ન કરી શક્યો... ખરેખર તે માનવને કેટલો બેબસ કરી દીધો છે. ખેર તું ગમે તેમ કર તને એમ કે હું થાકી-હારીને તારી સાથેનો મારો આ સંવાદ ભૂલી જઈશ તો તું ભીંત ભૂલે છે.... મારા એ બે મિત્રોનો ખુબ આભાર જેણે સામે ચાલીને મને કહ્યું કે, તમે બે દિવસથી મેસેજ કેમ મોકલતા નથી ? ચાલો કોઈક તો નોંધ લે છે ? હાહાહા...

ક્યારેક નાની-નાની બાબતો જિંદગીને બહુ અસર કરે છે, ખરેખર આપણી જિંદગીમાં તકલીફ એટલે પડે છે કે આપણે મોટી મોટી બાબતોમાં સુખ જોઈએ છે, ને નાની-નાની ખુશીને અવગણીએ છીએ. બસ આજ છે આપણી સમસ્યા... મારું એવું માનવું છે કે, જો નાની-નાની ખુશીને એન્જોય કરવામાં આવે તો તણાવભરી સ્થિતિમાંથી માણસ જરૂર બહાર આવી શકે. એક સર્વે અનુસાર આપણા ભારતમાં લગભગ ૭૩% લોકો ડિપ્રેસનના શિકાર છે. વિચારો કે, આવા લોકોની રોજિંદી જિંદગી કેવી વીતતી હશે.... ?

**જિંદગી**

આ શબ્દમાં મને આટલા શબ્દો મળે છે.

૧. જીદ ૨. બંદગી ૩. જિંદાદીલી ૪. ગીત ૫. જંગ ૬. દોડ ૭. દગો

મને ખબર છે કે પ્રથમ નજરે તમને જરૂર હસવું આવશે. પણ ધ્યાનથી જોઈ મને કહો કે, આ બધા શબ્દોની જિંદગીમાં હાજરી નથી શું ??? આપણા બધાની જિંદગીમાં આ સાત શબ્દોની હાજરી કોઈપણ પળે આવી હશે અથવા આવશે... વિસ્તારથી વાત કરીએ તો આ સાત શબ્દો ઉપર સાત દિવસ વાત કરી શકાય. પરંતુ તમે બધા જ બુદ્ધિશાળી છો એટલે ટૂંકમાં જ મારા વિચારો રજુ કરું. આમાં કઈ ઉમેરવા જેવું લાગે તો ચોક્કસ મને મોકલી શકો.

**૧. જીદ :** જિંદગીને જીવવા જીદ જોઈએ. જીદ કરીશું તો મુશ્કેલીઓ આવસે, હતાશા આવશે, નિષ્ફળતા આવશે, પણ આ બધા સામે ટકી જઈ જીદ જાળવી રાખશો તો સફળતા આપણા કદમોમાં હશે.

**૨. બંદગી :** અનુભવ્યું હશે કે એની મરજી સિવાય પત્તુ પણ હાલતું નથી... હા... હું એ પ્રેમ તત્વની જ વાત કરું છું. એના પરની શ્રદ્ધા, વિશ્વાસ આપણને ચોક્કસ જિંદગીમાં નવો આયામ આપશે.

**૩. જિંદાદીલી :** જિંદગીના પ્રત્યેક તબક્કે જિંદાદિલીથી જીવી જવામાં જ શાણપણ છે, ક્યાંક ને ક્યાંક આપણે હતાશાની વ્યથામાં ધકેલાઈ જઈએ છીએ. હિંમત હારી જવાય છે, પરંતુ પોતાના પર વિશ્વાસ મૂકી જિંદગીમાં ખુબ આગળ નીકળી જનારાની સંખ્યા કઈ નાની-સુની નથી.

**૪. ગીત :** જિંદગી પ્યાર કા ગીત હૈ પંક્તિ જ ઈશારો કરે છે કે, જિંદગી એક એવું ગીત છે જેના સંગીતની સરગમ દરેકે અલગ અલગ રીતે બનાવાની હોય છે. તમે એને રોમેન્ટીક બનાવો છો કે પછી કરુણ...

**૫. જંગ :** જિંદગી હર કદમ એક નયી જંગ હૈ એમ જિંદગી કોઈની પણ હોય મુશ્કેલી તો રહેવાની જ. માણસનું માનસ જ નક્કી કરી શકે કે એવા કપરા સંજોગોમાં એ ટકી જશે કે, હાર માની લેશે. પોતાના ઉપર ભરોસો રાખીને માણસે જાતે જ જિંદગીના દરેક પ્રશ્નો હલ કરવા પડશે.

**૬. દોડ :** જિંદગીની ભાગદોડ સતત છે. રોજ એકની એક બીબાઢાળ જિંદગી. રોજના તણાવની સાથે વહ્યું જતું જીવન ભલભલા બુદ્ધિશાળીને સશક્ત માણસને પણ હચમચાવી મૂકે છે. સત્ય તો એ છે કે, આપણી આખરી મંઝિલ તો કબર સુધી છે.

**૭. દગો :** ક્યારેક જિંદગીમાં દગાની લાગણી દરેકને થાય છે. માનવ જિંદગીનો આ એક અહમ ભાગ છે, જેનો અનુભવ દરેક વ્યક્તિને કોઈને કોઈ રૂપે થાય છે. આ સાત શબ્દ તો મને મળ્યા છે.

જીવનને આનંદ, ઉત્સાહ અને પ્રેમથી જીવો. જિંદદી પ્રભુએ આપેલ અણમોલ ભેટ છે, ઈશ્વરપિતાનો આભાર.

## "આપણી મા" સામાયિકને મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. બોનીબેન ખોજાભાઈ પરમાર, ખંભોળજ | રૂા. ૧૦૦/- |
| ૨. | સ્વ. શાન્તાબેન સાયમનભાઈ (રેખાબેન જયેશભાઈ) ચાવડાપુરા | રૂા. ૧૦૦/- |
| ૩. | રાજેશભાઈ એમ. પરમાર, ઓડ | રૂા. ૧૦૧/- |
| ૪. | પુષ્પાબેન રાજેશભાઈ પરમાર, ઓડ | રૂા. ૫૧/- |



# કોઈ છે....

-એડવીન પાઉલ મેકવાન, નડિયાદ

રોટલી કડક થાય તો ઘંટીવાળાએ બરાબર દળ્યું નથી. ભાતમાં પાણી વધી જાય તો ચોખા નવા હતા. ચાય મીઠી થાય તો મોરસ મોટી જાડી હતી ને ચાય પાતળી થાય તો દૂધ પાતળું પાણી જેવું હતું. ઘરે મોડા પહોંચીએ તો અત્યાર લગી કોની સાથે ગુંડાણા હતા ? લગ્ન કે ફંકશનમાં જવાનું હોય ત્યારે કઈ સાડી પહેરું ? સારી સાડી જ નથી મારી પાસે. આખું સાડીનો વોર્ડરોબ ભરેલો જ હોય છતાં. ઘરે વહેલા આવીએ તો આજે મેચ છે કે શું ? કોઈ વસ્તુ સસ્તી લાવ્યા હોય તો શું જરૂર હતી ખોટો ખર્ચ કરવાની ? મોંઘી લાવીએ તો તમને બધા છેતરી લેતા હોય છે એમ કરે. રસોઈના વખાણ કરો તો કહે રોજ સારી જ બનાવું છું ને. ક્યારે ખરાબ રસોઈ બની છે ખરી ? ભૂલ કાઢી હોય ને તો કહે આ ઘરમાં તો મારી તો કદર જ નથી. કોઈ કામ કરી આપીએ તો કહે એકે કામ સરખુ આવડતું જ નથી. લાવો એ તમને નહીં ફાવે. કામ ના કરીએ તો તમારા ભરોસે રહીએ ને તો કામનો પાર જ ના આવે. અને જો જીભાજોડી કરો તો.... હું હતી તે ટકી આ ઘરમાં બીજી કોઈ હોત ને તો ખબર પડી જાત !!! મને ખાત્રી છે કે... તમારી પત્નીમાં ઉપરોક્ત લક્ષણો નહીં જ હોય... અને જો હોય તો કોઈનેય કહેતા નહિ, કરેલા કર્મ ભોહવે જ છૂટકો.

Always pray to God B.M.W. B=means - Bless my work. M=means Bring me wisdom. W=means Burm my worries. let each of us Drive B.M.W. in life.

● તમે પરસેવે રેબઝેબ છો. ખુબ તરસ લાગી છે. ક્યાંયથી પણ પાણી મળે તેમ નથી એવામાં તમે એક ઝાડના છાયાંમાં થાક ખાવા ઉભા રહો છો ! ત્યાં જ સામેથી એક મકાનમાં પહેલા માળની બારી ખુલે છે અને તમારી અને તે વ્યક્તિની આંખો મળે છે. તમારી હાલત જોઈને એ વ્યક્તિ તમને પાણી જોઈએ છે ? તેવો ઈશારો કરી પૂછે છે. હાલ એ વ્યક્તિ તમને કેવો લાગે છે. તમારો અભિપ્રાય કેવો ?

તે વ્યક્તિ નીચે આવું છું ઈશારો કરીને બારી બંધ કરે છે. ૧૫ મિનિટ થવા છતાંયે નીચેનો દરવાજો ખુલતો નથી, હવે તે વ્યક્તિ પરત્વે તમારો અભિપ્રાય કેવો હશે ? થોડીવાર પછી દરવાજો ખુલે અને તે વ્યક્તિ એમ કહે કે માફ કરજો પણ તમારી હાલત જોઈને મને પાણી કરતાં લીંબુનું શરબત આપવાનું યોગ્ય એટલે વાર લાગી. હવે તે વ્યક્તિ માટે તમારો અભિપ્રાય કેવો હશે ? પાણી અને શરબત મળ્યા પહેલાંજ તમારો ત્રીજો અભિપ્રાયને તમારા મનમાં જ રાખજો. અને જેવું તમે સરબતને જીભને લગાવો છો ત્યાંજ તમને ખબર પડે છે કે શરબતમાં ખાંડ તો નથી જ. હવે તે વ્યક્તિ તમને કેવો લાગે છે તમારો અભિપ્રાય કેવો ? આ એકજ સામાન્ય પ્રસંગમાં પણ આપણો અભિપ્રાય ખોખલો હોય તો આપણે કોઈનો પણ અભિપ્રાય આપવા માટે લાયક છીએ ખરા ? આપણી અપેક્ષા પ્રમાણે જ સામી વ્યક્તિ વર્તન કરે તો તે સારી નહીં તો એ ખરાબ ! કેમ બરાબર ને ?

ઉપર દર્શાવેલ હેરક વાર્તા રોજીંદા જીવનમાં બનતી હોય છે. માત્ર વાંક કાઢવાનું કામ કરીએ છીએ. નાની નાની બાબતો છોડી પ્રભુમાં મન સાંધી આગળ વધવાનો પ્રયત્ન કરીએ તો ચોક્કસ એકના એક દિવસ "કોઈ છે" નો અનુભવ થાય.

## :: અવસાન નોંધ ::

ધર્મવિભાગના નીચેના શ્રધ્ધાળુનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને પરમેશ્વર પરમ શાંતિ બક્ષે, અને તેમના દુઃખિત સ્વજનોને આશ્વાસન અને હિંમત આપે એવી પ્રાર્થના સાથે "આપણી મા પરિવાર" તરફથી શ્રધ્ધાંજલિ.

૧. બોનીબેન (સોનાબેન) ખોજાભાઈ પરમાર, ખંભોળજ
મરણ તા. ૧૨-૭-૨૦૧૯

૨. અરવિંદભાઈ ડાહ્યાભાઈ ખ્રિસ્તી, ભરોડા
મરણ તા. ૧૦-૮-૨૦૧૯

૩. પાઉલભાઈ મોતીભાઈ પરમાર, અહિમા
મરણ તા. ૨૪-૯-૨૦૧૯

# કેળવણી સથવારે

-ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા



આગામી જૂન મહિનો શૈક્ષણિક સત્ર માટેનો મહિનો ગણાય છે. શિક્ષણ મેળવવું એ આપણો મૂળભુત અધિકાર છે. દેશના બંધારણમાં પણ ૧૪ વર્ષ સુધીના બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે. દરેક માબાપે પોતાના બાળકના શિક્ષણ અંગે સજાગ રહેવાની જરૂર છે. કૂમળો છોડ વાળીએ તેમ વળે, તેવી જ રીતે નાના બાળકોને બાળપણથી જ સારી ટેવો પાડવી જરૂરી છે. બાળપણમાં ગ્રહણ કરેલ સંસ્કારથી બાળક મોટો થતાં સારો નાગરિક બની શકે છે.

બાળક મોટો થતાં તેને સારું શિક્ષણ આપતી શાળામાં દાખલ કરવો જોઈએ. પોતાના બાળકની શાળાની મુલાકાત માબાપે અવારનવાર લેવી જોઈએ. તેના શિક્ષકો મળીને બાળકના અભ્યાસ અંગેની જાણકારી મેળવવી જોઈએ.

શિક્ષણ સાથે સંસ્કાર પણ એટલાજ જરૂરના છે. વિદ્યા વિનયથી શોભે છે તે સૂત્ર યાદ રાખવું. જે શાળામાં શિસ્તનું પાલન થતું હોય, શાળાના શિક્ષકો શ્રેષ્ઠ હોય, સંસ્કાર ઘડતરનું ધ્યાન આપતી હોય તેવી શાળા પસંદ કરવી જોઈએ.

બાળક મોટો થતાં તેના ભવિષ્યની કારકિર્દી માટે વિચારવું જોઈએ. એ માટે માબાપે પોતાના બાળકને કયા વિષયમાં રુચિ છે તેવી લાઈન લેવડાવવી જોઈએ. જબરજસ્તીથી આપણી પસંદની લાઈન ના લેવડાવવી જોઈએ. તેમ કરવાથી ખરાબ પરિણામ આવી શકે છે. માબાપે પોતાના બાળકોને હંમેશા પ્રોત્સાહન આપતા રહેવું જોઈએ. એકવાર નાપાસ થવાથી બાળક નાસીપાસ ન થાય એ જોવું જોઈએ. યુવાનો સાથે માબાપે મિત્ર ભાવે વર્તવું જોઈએ. સોળે સાન અને વીસે ભાન કહેવત અનુસાર પુખ્ત ઉંમરના યુવાનો સાથે માબાપે સન્માનભેર વર્તવું. યુવાનોના વિચારોને સમજવાની કોશિષ કરવી જોઈએ.

માબાપે પોતાના સંતાનના મિત્રવર્તુળની ખાસ કાળજી રાખવી જોઈએ. સારા-સંસ્કારી મિત્રો સાથે મિત્રતા રાખવા કહેવું જોઈએ. પોતાના દિકરા-દિકરીના વર્તણુંક પર ખાસ કાળજી રાખવી જોઈએ.

જેટલો આદર અને પ્રેમભાવ માબાપ તરફથી સંતાનોને મળશે તેટલાંજ સંતાનો પ્રેમાળ બને.

આપણી પાસે ભલે રૂપિયા પૈસા નહીં હોય પરંતુ સારા સંસ્કારો હશે તો તે પૂરતું છે. એજ રૂપિયા ધન દોલત છે. સારું શિક્ષણ આપી પોતાના બાળકને ભવિષ્યની કારકિર્દી બનાવવા પ્રોત્સાહન આપવું આપણી ફરજ છે.

ઘેર બેઠા આપણી મા વંચાય
આપણી મા એટલે કૌટુંબિક મૂલ્યોની પુનઃસ્થાપના
ધર્મસભાની નવાજુની, ધાર્મિક ઘડતર,
મરિયમ ભક્તોના વિચાર વિનિમયનું એક માત્ર માધ્યમ.
વ્હાલા મરિયમ ભક્તો એક વર્ષનું આપનું
લવાજમ પૂર્ણ થયેલ હોઈ આપનો અંક ચાલુ
રાખવા માટે આપના વાર્ષિક લવાજમના નાણાં
૬૦/- રૂપિયા તમારા સ્વયંસેવક મારફતે અથવા રૂબરૂમાં
ખંભોળજ ચર્ચ ઓફિસમાં જમા કરાવશો.
આભાર સહ.

**પ્રકાશક : રેવ. ફાધર લોરેન્સ**

**તંત્રીશ્રી / તંત્રી મંડળ**



# હે મા

રાજેશ એમ. પરમાર (ઓડવાળા)

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વ્હાલાં મિરિયમ ભક્તો શ્રદ્ધા વિશે લખવાનું હોય, વાંચવાનું હોય કે બોલવાનું હોય ત્યારે અઘરું થઈ પડે છે, કારણ કે શ્રદ્ધા તો વ્યક્ત થતી હોય છે. એના માટે શબ્દો નથી મળતા. શ્રદ્ધામાં જ આપણે પ્રેમ, આનંદનો અનુભવ કરતા રહીએ છીએ. કારણકે ખંભોળજના અનાથોની માતાનો અનુભવ દરેક ગુજરાતના શ્રદ્ધાળુ ભાઈ-બહેનને થયેલો છે. જેથી કરીને આ મહિને સતત વરસાદ હોવા છતાં માતા મરિયમના ભક્તો દૂર દૂરથી ખંભોળજના દર્શને આવેલા એવો મેં અનુભવ કર્યો છે, કારણ કે જે શ્રદ્ધાળુઓને પોતાના મનમાં વિશ્વાસ છે કે હું ખંભોળજ જઈ માને મળું અને મારી પ્રાર્થના-વિનંતી માના ચરણોમાં મુકુ તો મારી શ્રદ્ધાથી મારા અનેક કામ થઈ જાય છે, એવી દ્રઢ શ્રદ્ધા આપણા દરેકનામાં હોવી જરૂરી છે.

શ્રદ્ધા એટલે ૧૦૦% મારુ જીવન મારા પ્રભુના હાથમાં. શ્રદ્ધા એટલે સંપૂર્ણ સમર્પણ. આપણે પુરા વિશ્વાસ-ભરોસાથી માતા પાસે જે વિનંતી - અરજ મુકીએ છીએ જેવી કે પોતાના માટે, બાળકો, મા-બાપ, લગ્ન પ્રસંગ, નોકરી ધંધા, બિમારી માટે અરજ મુકીએ છીએ તે આપણી પ્રાર્થના-વિનંતી મા સાંભળે છે અને તેના પુત્ર પ્રભુ ઈસુ સુધી પહોંચાડે છે, જેથી કરી પ્રભુ ઈસુ ઉપરની શ્રદ્ધા દ્વારા આપણા સૌને પ્રેમ શઆંતિ, ખુશી-આનંદનું વાતાવરણ ફેલાવે છે, આપણા ફાધરો, સિસ્ટરો, કેટેકીસ્ટો, મિશનરી શાળાના શિક્ષકો, કુટુંબમાંથી ખ્રિસ્તી સમાજમાંથીજ શ્રદ્ધાનું વરદાન આપણને મળે છે, ઈસુએ કહ્યું છે કે હું જીવન છું, હું જ પુનરાત્થાન છું, દ્રાક્ષનો વેલો છું, પ્રકાશ છું, માર્ગ-સત્ય-જીવન હું છું. ઈસુએ આંકેલા પથ પર ચાલનારી હરએક વ્યક્તિ બીજાની શ્રદ્ધા મજબુત બનાવે છે. નિયમિત દેવળમાં જનાર, બાઈબલ વાંચનાર, પ્રાર્થના કરનાર માતા મરિયમની ટેકરીની મુલાકાત લેનાર અને ગુલાબ માળા બોલનાર શ્રદ્ધાળુ બીજાને સારુ નમ્ર પવિત્ર જીવન જીવવા પ્રેરણારૂપ બને છે.

શ્રદ્ધા થકી જ હું અને મારું કુટુંબ પ્રભુનો પ્રકાશ અને મારા જીવનનું સમર્પણ કોઈ પણ ઉંચ-નીચ, કાળા-ગોરા, અમીર-ગરીબ, નાત-જાતના ભેદભાવ સિવાય બીજા માટે ટેકારૂપ, મદદરૂપ, પ્રેરણારૂપ બનશે. શ્રદ્ધા એટલે શુભ સંદેશ ઈસુનો માતા મરિયમનો ગામડે ગામડે સંદેશ ફેલાવવો અને સેવાભાવિ કાર્ય કરવામાંજ ખુશી-આનંદ પ્રાપ્ય થાય છે.

ટુંકમાં શ્રદ્ધા, આજ્ઞા અને પ્રેમ એ ત્રણ અમર છે, પણ એ બધામાં પ્રેમ સૌથી શ્રેષ્ઠ છે, એટલે જ દર મહિનાના પ્રથમ રવિવારે મારી શ્રદ્ધા મને ખંભોળજ યાદ કરાવે છે, તો વ્હાલા મિરીયમ ભક્તો માના દર્શને અચુક આવતા રહેજો મા મિરિયમ આપણા દરેક શ્રદ્ધાળુ ભાઈ-બહેનની મનોકામના પૂર્ણ કરશે.

પ્રભુ તારી સંગ સંગ ચાલતો રહું,
પ્રભુ તારા વચનોમાં શ્રદ્ધા ધરું.

---

(પાન નં. ૧૫ નું ચાલુ...)

તુ નાનો હું મોટો....

આપણી પાસે મોંઘીદાટ કાર, આલીશાન બંગલો કે સંપત્તિ હોય પણ માનવ મૃત્યુ પામે પછી કોઈ સાથે લઈ જતું નથી, બધી જ મિલકત આ ધરતી પર જ મૂકતો જાય છે. સ્વામી સચ્ચિદાનંદનું પુસ્તક સિકંદર અને નેપોલિયનમાં સિકંદર વિષે નોંધ્યું છે જનાજામાંથી મારા બંને હાથ બહાર કાઢજો અને ઉઘાડી હથેળીઓ રાખજો, જેથી લોકોને સંદેશ મળે કે હું એક ફૂટી કોડી પણ સાથે લઈ જઈ રહ્યો નથી. મારા જનાજા પાછળ અત્યાર સુધીનો લૂંટેલો અબજો રૂપિયાનો બધો ખજાનો એક પછી એક હાથી, ઊંટો, બળદો ઉપર ખુલ્લો મૂકીને ચલાવજો જેથી લોકોને સંદેશ મળે કે અખૂટ ખજાનો હોવા છતાં પણ સિકંદરને ખાલી હાથે જવું પડયું. જ્યારે સરઘસ કબ્રસ્તાન તરફ જઈ રહ્યું ત્યારે આ દ્રશ્ય જોઈને એક શાયરે શાયરી કરી :

મુહૈયા ગરચે સબ સામાન મુલ્કે ઔર માલી થે
સિકંદર જબ ચલા દુનિયાસે દોનોં હાથ ખાલી થે.

અભિમાન વિનાની જિંદગી હળવીફૂલ હોય છે. હળવાશના હાઈવે પર જિંદગીની ગાડી ચલાવવાની મઝા જ કંઈ જુદી છે. જિદંગીમાં અભિમાનના જંકશન પર ગાડી રોકવા કરતાં નિરાભિમાનનાં જંકશન પર ગાડી રોકવી જોઈએ. આમ કરવાથી આપણું જીવન વધુ રળિયામણું થશે. તેથી જ આપણને કવિ પ્રેમશંકર ભટ્ટ કહે છે, તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો.



# સાહસી ઘેટું

-પ્રજ્ઞેશ દેવાંશી

બાઈબલમાં એક દ્રષ્ટાંત છે : ખોવાયેલાં ઘેટાનું. એક ભરવાડ પાસે રહેલાં સો ઘેટાના ટોળામાંથી એક ઘેટું છૂટું પડી જાય છે અને ભરવાડ બાકીના નવ્વાણુંને મૂકીને તે ઘેટાંને શોધવા નીકળે છે. અને જ્યાં સુધી તે મળી ન જાય ત્યાં સુધી તેની શોધ જારી રાખે છે. જ્યારે તે ઘેટું પાછું મળે છે ત્યારે ભરવાડને ખૂબ આનંદ થાય છે.

આ દ્રષ્ટાંત અત્યાર સુધીમાં ઘણી વખત સાંભળ્યું છે. તેને આનુષંગિક મળતા ઉપદેશોમાં દર વખતે ભરવાડને ઈશ્વર સાથે અને ખોવાયેલા ઘેટાને પાપમય જીવન જીવતા લોકો સાથે સરખાવવામાં આવે છે. ઈશ્વરને ખોવાયેલાં એટલે કે પાપમય જીવન જીવતાં લોકો પ્રત્યે કેટલી કરુણા તથા દયા છે તે દર્શાવવા આ દ્રષ્ટાંત અપાય છે. મનમાં આ દ્રષ્ટાંતને સંપૂર્ણપણે ઈશ્વરની દયાળુતા સાથે જોડી દીધું. પાપીઓ પ્રત્યેના ઈશ્વરના દયાળુપણાની વાત આવે એટલે મનમાં આ જ ઉદાહરણ આવે. સામે પક્ષે જ્યારે જ્યારે આ દ્રષ્ટાંતનો ઉલ્લેખ આવે ત્યારે વિચારોનો નિષ્કર્ષ એટલે પહોંચીને અટકે કે, ઈશ્વર દયાળુ છે ! એથી આગળ કશું વિચાર્યું જ નહિ.

થોડા સમય પહેલા ખરીદેલા એક પુસ્તકની પ્રસ્તાવનામાં આ જ દ્રષ્ટાંકનો ઉલ્લેખ વાંચ્યો. પણ આ પ્રસ્તાવના વિચારોને બે કદમ આગળ લઈ જનારી નીવડી. શા માટે ભરવાડ બાકીનાં નવ્વાણુંને રેઢાં મૂકીને ખોવાયેલાં એકને શોધવા પાછો ગયો ? શા માટે ઈશ્વર ભટકેલાંને પાછાં લાવવા આખા ટોળાને રેઢું મૂકે ? કારણ લેખકના જ શબ્દોમાં... બાકીના નવ્વાણું ઘેટાની જેમ ટોળામાં રહેતાં લોકો નૈતિકવાદી કે ધાર્મિક છે. તેમનામાં સાહસ નથી, પ્રતિભા નથી, મેધાવીપણું નથી. જ્યારે જે અલગ રાહ ચાતરે છે તે મેધાવી છે, પ્રતિભાશાળી છે, માટે જ ટોળામાંથી અલગ પડે છે અને ભટકી જાય છે. જે જાતે માર્ગ શોધવાનો પ્રયત્ન કરે છે તેના પ્રત્યે ભરવાડની જેમ ઈશ્વર પણ કરુણાવાન છે અને વિશેષ પ્રેમ કરી તેને સાચા રસ્તે લાવવાનો પ્રયત્ન કરે છે. આ વાંચ્યા પછી પહેલી વખત ભરવાડ સિવાયના બીજા પાત્ર, એટલે કે ઘેટાંની માનસિકતા વિશે વિચાર્યું. વાત તો સાચી જ છે. ભૂલા પડવાની શક્યતા તોજ છે જો તમે ટોળામાંથી અલગ પડીને ચાલો, તમારો નવો ચીલો ચાતરો, આ નવો ચીલો ચાતરવા માટે ભરપૂર સાહસ જોઈએ, જે પેલા ઘેટામાં હતું. હું તો કહું છું કે, આ ઘેટાંને હવે ખોવાયેલું ઘેટું કહેવાને બદલે સાહસી ઘેટું એવું નવું નામ આપવું જોઈએ. ભરવાડની દ્રષ્ટિમાં એ ખોવાયેલું હતું પણ એ પોતે તો ટોળાથી અલગ પોતાની દુનિયામાં, પોતાના સાહસમાં મસ્ત હતું. અને કદાચ એટલે જ તે ઈશ્વરના વિશેષ પ્રેમને પાત્ર બન્યું. મારા વિચારોને બે કદમ વધુ આગળ લઈ જનાર આ લેખક તે ઓશો.

આ બાબત વિશે ભાઈ સાથે ચર્ચા કરવા બેઠો તો એની ફિલોસોફી મારા વિચારોને આથી પણ વધારે આગળ લઈ ગઈ. શા માટે ભરવાડ ખોવાયેલા ઘેટાંને પાછું લાવ્યો ? શક્ય છે કે અલગ પડીને તે વધુ સારા મેદાની પ્રદેશમાં જઈ ચડયું હોત, જ્યાં તેને વધુ સારું ઘાસ મળી સક્યું હોત, તેનાં ઘાસમાં ભાગ પડાવનારાં બાકીના નવ્વાણું ઘેટાં ત્યાં ન હોત. ઘણી બધી શક્યતાઓ છે ને ! નવો ચીલો ચાતરનારા પોતાની પ્રતિભાના જોરે વધારે સારી, ઉત્તમ બાબતોની પ્રાપ્તિ કરી શકે એવો તેનો ગૂઢાર્થ. હા.... એ બાબત ચોક્કસ કે ત્યાં વરુ જેવાં રાની પ્રાણીઓનો ખતરો વધુ રહેવાનો. આમેય દરેક સાહસ પોતાની સાથે ખતરો તેડીને જ આવે છે. પણ માન્યું કે, ભરવાડ સર્વજ્ઞ નથી, ઈશ્વર તો છે ને ! ભરવાડને આવા ખતરાની કદાચ ખબર ના પડે, પણ ઈશ્વર તો જાણી જાય ને ! એવી પળોમાં જ તે ભટકેલાંને બચાવવાની જરૂર ને ? અન્યથા, જો તે ટોળાંથી છૂટો પડીને કોઈ ઉત્તમ વસ્તુનો ઉપભોગ કરી શકે તેમ હોય તો તેને શોધીને પાછો જ્યાં છે ત્યાં ને ત્યાં જ લાવી દેવાની શી જરૂર ? જ્યાં સુધી કોઈ ખતરો ન હોય ત્યાં સુધી તેને તેના સાહસના બળે, તેની પ્રતિભાના જોરે વિકસવા દેવાય ને ? શક્ય છે ને કે તેનો કોઈ ખતરા સાથે ભેટો જ ન થાય ! અથવા એવો પણ વિકલ્પ ખરો ને કે તેની નજીક આવતાં ખતરાને જ દૂર કરી તેને તેની મોજમાં જ રહેવા દેવાય ! વાત વિચારવા જેવી ચોક્કસ.

ધન્ય છે ઓશો ! ધન્ય છે પ્રિતેશ ! હું ભાગ્યશાળી કે મને બન્ને મળ્યા. એક લેખક તરીકે અને બીજો ભાઈ તરીકે !

# તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો...



-મથુર વસાવા, ઉના, જિ. ગીર સોમનાથ

ગુજરાતી સાહિત્યમાં ખ્યાતનામ કવિ પ્રેમશંકર ભટ્ટની અનેક કૃતિઓમાં તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો. કૃતિ સુખ્યાત છે આ કૃતિ માનવ જીવનમાં સુબોધ આપી જાય છે. માનવીને ઊંચુ સ્થાન મળે એટલે તેનામાં હુંપદ પ્રવેશી જાય છે, હુપદ પ્રવેશ્યા પછી માનવી અનેક સ્વરૂપોમાં જોવા મળતો હોય છે. અભિમાન માનવીની જિંદગીમાં એક વાર પ્રવેશી જાય પછી માનવી સ્વને જ શ્રેષ્ઠ જાહેર કરતો હોય છે. અભિમાનને તરછોડવા જ તૈયાર થતો નથી. માનવીના જીવનમાં હુંપદ પાગરતો જતો હોય છે. તેના માટે હુંપદ એટલે આહલાદક જેવી પ્રતિતી થતી હોય છે. જીવનમાં હુંપદ પરપોટા જેવું હોય છે. ક્ષણ પૂરતું આનંદ આપનારું છે. એટલે જીવનના પથ પર અંતે હુંપદ જીવન આગના લપેટમાં આવી જતું હોય છે.

ગામમાં એક મોટો સરકારીબાબુ બની જાય. પછી તેની પાસે ગાડી, બંગલો, ઘરમાં નોકર-ચાકર હોય, જાહોજલાલી હોય, સંપતિનો ઢગલો હોય, ટૂંકમાં આમ કહી શકાય કે તેઓ સોના-ચાંદીની ચમચીમાં જમતા હોય. પણ તે સરકારીબાબુ ગામના શુભ-અશુભ પ્રસંગોમાં હાજરાહજૂર ના હોય ત્યારે ગામમાં વાતોનો ચક્રવાત ફેલાઈ, આ તો ખૂબ મોટો માણસ થઈ ગયો, કહેવાનો અર્થ કે ખૂબ મોટાઈ આવી ગઈ છે. આવી ઘટના લગભગ મોટેભાગે ગામમાં થતી હોય છે. ગામમાં એક બાબુનું વલણ જોઈને અન્ય બાબુનો પણ વ્યવહાર તેવો જ હોય છે તે વિચાર અશક્ય છે. અન્ય અધિકારી પરગજુ હોય છે, અનોખા હોય છે તેઓ નિરાભિમાન હોય છે, તેઓ હૃદયના રાંક હોય છે. થોડા દિવસ પહેલા જ સમાચાર પત્રમાં હૃદયગમ પ્રસંગ વાંચ્યો હતો.

તમિલનાડુના કરૂર જિલ્લાના રહેવાસી પરામાશિવમ કલેકટર ઓફિસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા, પરામાશિવમ અંદાજે આઠ કલેકટર અને અનેક અધિકારીઓની ગાડી ચલાવ્યા બાદ ૩૦ એપ્રિલ ૨૦૧૮ ના રોજ નિવૃત્ત થયા, જ્યારે પરામાશિવમનો નિવૃત્તિનો દિન આવ્યો ત્યારે તેને સપનામાં પણ ના વિચાર્યું હતું કે નિવૃત્તિનો દિવસ આટલો ખાસ હશે. નિવૃત્તિના દિવસે હાલના કલેકટરે ખાસ પ્રકારની પાર્ટી આપી. એટલું જ નહિ કલેકટર ખુદ ડ્રાઈવર થઈને પરામાશિવમ અને પત્નીને બેસાડીને ઘર સુધી મુકવા ગયા. કલેકટર પોતાના કામનું આંકલન કરતાં પોતાના ડ્રાઈવરનો ઉમદા કાર્યનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, જો કલેકટર સોળ કલાક કામ કરે છે તો તેનો ડ્રાઈવર દિવસના અઢાર કલાક કામ કરે છે, સમગ્ર જીવન અમને ઘરે સલામત પહોંચાડ્યા, હવે આપણી ફરજ છે કે સન્માન સાથે ઘરે પહોંચાડવામાં આવે. કલેકટર જિલ્લાનો વડો કહેવાય, એક સમયે કહેવાતું હતું કલેકટર એટલે રાજા, જિલ્લા ક્ષેત્રે તમામ અધિકારીઓ તેના નેજા હેઠળ કામગીરી કરતાં હોય છે. કલેકટર પાસે સમગ્ર જિલ્લાની કમાન હોય છે તેમ છતાંય આ કલેકટર હૃદયના નિર્ધન હતા. હુંપદ તેમના જીવનમાં જરાય નહોતું. તું નાના કે હું મોટો જેવા વિચારોથી વેગળા હતા.

એકવાર મને મારા જૂના ભેરુ સાથે ભેટો થઈ ગયો તેણે મને જે વાત મારી સમક્ષ રજૂ કરી તે અહીં સાર્થક થાય છે. તેણે મને કહ્યું મારે રોજિંદુ બેંકના કામકાજ માટે જવું પડે છે, દરરોજ બેંકની મુલાકાત પાક્કી જ હોય છે. બેંકમાં સૌ કર્મચારીઓનો વ્યવહાર ખૂબ સારો છે પણ આજકાલ એક નવો નિશાળિયો આવ્યો છે તે અવ્યવહારું લાગે છે, કોઈ પણ વાતમાં કાગનો વાઘ કરતો હોય છે, ક્યારેક તેની આંખ રાતપીળી થઈ જતી હોય છે, બેંકમાં હજુ તેની પા... પા.. પગલી જ છે તે છતાંય જેમ કે ચા કરતા કિટલી ગરમ હોય તેમ સૌ સાથે વર્તે છે. તેનું વર્તન લોકો માટે અસહ્ય છે, પણ સમય સમય બળવાન હોય છે તેમ થયું, એક દિવસે એકાએક બદલી અન્ય શાખામાં થઈ. તે શાખામાં તેની મુખાકૃતિ જોવા જેવી હોય છે, પહેલા કરતાં વીલા મોંઢે કામ કરતો જોવા મળે છે, અભિમાન સાવ ઓસરી ગયું છે.

શાસ્ત્ર અનુસાર ષડરિપુઓમાં અભિમાનનો પણ ઉલ્લેખ થયો છે, અભિમાનથી માનવીની છબી ખરડાઈ જતી હોય છે.

(અનુસંધાન પેજ ૧૩ પર)

## અનાથોની માતા મરિયમની મળેલ કૃપા - આશીર્વાદોની સાક્ષી

### બાળકનું દાન :

તા. ૨૩-૬-૨૦૧૯ ને રવિવારના દિવસની આ વાત છે. સાંજના ૫-૦૦ કલાકની પરમપૂજા પૂર્ણ થતા માના મંદિરે દર્શન કરવા માટે માનતા પૂરી કરવા અમે આખા પરિવાર સાથે આવ્યા હતા.

મારું નામ નિમેષકુમાર જયંતિભાઈ પરમાર છે. હાલ હું વિદ્યાનગરમાં રહું છું. મારે લગ્ન જીવનને ઘણો સમય થઈ ગયો હતો મોટાભાગના દવાખાના બદલી નાખ્યા આપણી ભાષામાં કહીએ તો રૂપિયાના રોડા કર્યા. પણ શેર માટી ન મળી. આખરે કંટાળી ગયો લગ્ન જીવનના છ વર્ષ પૂર્ણ થયા. એક દિવસ અચાનક મનમાં વિચાર આવ્યો મારી પત્નીને કહ્યું ચાલ આપણે ખંભોળજ જઈએ. શૈલેષ સાહેબને મળ્યો. તેઓ જણાવે છે કે ભાઈ સાચા મનથી અહીંયા જે માગે છે તેને મળે છે. હું અને મારી પત્ની ચા પીને દર્શન કરવા ગયા બંનેએ હાથ પકડીને પ્રાર્થના કરી ઘરે આવ્યા.

રોજીંદા કાર્યક્રમમાં જોડાઈ ગયા. થોડાજ સમયમાં સારા સમાચાર મળ્યા. મારી પત્ની પ્રેગ્નેટ હું તો નાચવા લાગ્યો, મનમાં લીધેલી ટેક પૂરી કરવા માટે આજે પરિવાર સાથે આવ્યો છું. મોટી બે મીણબત્તી બેબીના ભારોભાર પેંડા, ફૂલોનો હાર, દાન ધર્માદા હે મા તારા ચરણોમાં અર્પણ કરું છું. મારી નાની મોટી ભૂલોને માફ કરજે. બાધા પૂર્ણ કરી અમે ઘરે ગયા.

મારી સાક્ષી આપતા મને આનંદ થાય છે. જે કામ ડોકટરથી ન થઈ શક્યું તે કામ મા અનાથોનીએ કર્યું છે.

**-નિમેષ જે. પરમાર**
**વિદ્યાનગર**

### ચશ્મા ઉતર્યા :

હું નામે જગદીશ પ્રભુદાસ રાઠોડ સાક્ષી આપતા આનંદ અનુભવું છું. હું ખંભોળજ ગામનો વતની છું મને અનાથોની માતામાં પૂરે પુરો વિશ્વાસ છે.

મારા જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલી આવે ત્યારે હું ચર્ચમાં જઈને મા આગળ ઘૂંટણે પડીને પ્રાર્થના કરું એટલે મારી મુશ્કેલી દૂર થઈ જતી. આ વખતે પણ કંઈ આવું જ બન્યું છે મારી ઉંમર સાહીઠ વર્ષથી વધારે છે. ઘણા સમયથી હું જોઉ છું કે મને આંખોમાંથી પાણી નીકળે છે. જ્યારે જ્યારે વાંચુ છું ત્યારે આંખ ખેંચાય છે. સારસા જઈ ડોકટરને બતાવ્યું તેઓ કહે છે કાકા આપને ચશ્મા પહેરવા પડશે. મેં કહ્યું સારું, ચશ્મા લઈને ઘરે જતાં રસ્તામાંજ દેવળ આવે છે. રીક્ષામાંથી ઉતરી ચશ્મા માને પગે લગાડીને એટલું કહ્યું મા મને આ ગમતા નથી.

થોડો સમય પહેર્યા ઓચિંતા નંબર ઉતરી ગયા. હું અત્યારે વગર ચશ્મે વાંચી શકું છું. માના ચરણમાં આવી રોસાળ બોલી હર્ષ સાથે ઘરે ગયો. સાક્ષી મારી છે. પણ મારો વિશ્વાસ અંકબંધ છે. મા સર્વના દુઃખ હરનારી છે.

**-જગદીશ પી. રાઠોડ,**
**ખંભોળજ**

### વિઝા મળ્યા :

મારું નામ સ્તેફાન ઈગ્નાસભાઈ પરમાર રહે. ચાવડાપુરા. કેનેડા જવાનું મારું સ્વપ્ન સાકાર. તા. ૨૬-૬-૨૦૧૯ ને બુધવારની સાંજે રેવ ફાધર માર્ટીન તથા સાહેબ સમક્ષ મારી સાક્ષી આપતા આનંદ અનુભવું છું.

મારા મમ્મી-પપ્પા ઘણાં સમયથી ખંભોળજ આવતા હતા. તેઓને વિશ્વાસ હતો કે મા મારા દિકરાનું કામ મા અવશ્ય કરશે. ને બન્યું એવું ઘણી કસોટી લાંબા સમય પછી મને વિઝા મળ્યા મારું કેનેડા જવાનું પાકું થઈ ગયું. સમાચાર મળતાની સાથે હું ખંભોળજ અનાથોની માતાના ધામે દોડી આવ્યો. પ્રાર્થના કરી હે મા તું તો સંજીવની છે. મારા ચાર વર્ષના અથાગ પ્રયત્ન પછી મારા રસ્તામાં આપે દિપ પ્રગટાવ્યો છે. તારો ખૂબ ખૂબ આભાર. સાચેજ આપ તો વિઝાના મહારાણી છો, મારા જેવા અનેક વિદ્યાર્થીનું મા તુ ભલુ કરજે એજ મારી પ્રાર્થના.

**-સ્તેફાન ઈગ્નાસ પરમાર**
**ચાવડાપુરા, આણંદ**

## પુણ્ય ભૂમિ :

મા અનાથોનીની સાક્ષી આપતા આજે હું હર્ષની લાગણી અનુભવું છું. મારું નામ મનિષાબેન સ્ટીવનભાઈ પરમાર. મારે એક બાબો છે. મારા પતિ ખૂબજ સારા છે. અમે ખ્રિસ્તમાં જીવન જીવીએ છીએ. ઘણા સમયથી એક આશ લઈને બેઠી હતી કે મારે ઈઝરાયેલ જવું છે. પ્રભુના દર્શન સાથે બે પૈસા કમાવાય. લગભગ પાંચ વર્ષથી વધારે સમયથી પ્રયત્ન ચાલતો હતો. મને સફળતા મળી.

કંઈને કંઈ વિઘ્ન આવતું હતું ને હું પૂણ્યભૂમિમાં જઈ શકતી ન હતી. આજે હું ઈઝરાયેલમાં છું. કામકાજ સરસ છે. પ્રભુના દર્શન પણ કર્યા છે. મા અનાથોનીએ મારી પ્રાર્થના સાંભળીને મારી ઈચ્છા પૂર્ણ કરી છે. મા તારો આભાર માનું છું. એટલું જ માંગુ છું તારા દ્વારે અવનાર હરેકની મનોકામના તું પૂર્ણ કરજે એજ મારી પ્રાર્થના છે.

**-મનિષા એસ. પરમાર**
**કઠલાલ, તા. નડિયાદ**

## આબાદ બચાવ :

હું નામે મેહલકુમાર મિલેન્ટરીમેન ભાલેજ મારી સાક્ષી આપતા આનંદ અનુભવું છું. આજરોજ તા. ૧૮-૬-૨૦૧૯ ને મંગળવારના રોજ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચ કંપાઉન્ડમાં આવ્યો. મારી સાથે એકભાઈને એક બહેન પણ હતા. આજથી ૨૧ દિવસ પહેલા મને અકસ્માત થયો હતો. હું મારી નોકરીમાંથી ઘરે ભાલેજ આવ્યો હતો.

મારી દિકરીના જન્મદિને હું મારું એકટીવા લઈને જઈ રહ્યો હતો મને અકસ્માત થયો જેમાં આંખ, નાક, ગળુ,માથામાં મોટી ઈર્જરી થઈ જીવવાની આશા નહતી. મને મા અનાથોની પર શ્રદ્ધા હતી તેણે મને નવું જીવતંદાન આપ્યું. આજ રોજ હું ચર્ચમાં દર્શન કરવા માટે આવ્યો. વરસાદ વરસતો હતો બન્ને ફાધરો ગામડે માસ માટે ગયા હતા. મારી હકીકત મેં સરને જણાવી તેઓએ મને દરવાજો ખોલી આપ્યો. મેં કાલીઘેલી ભાષામાં માને વિનંતી કરી મા હું તારી બાધા પૂર્ણ કરું છું. મારા જેવા લાખોની વહારે થજો. અમો પ્રાર્થના કરી વરસતા વરસાદમાં ઘરે જવા રવાના થયા. સાચેજ મા બાળકોની રક્ષણહારી છે. અનાથોની માતાનો જય.

**-મેહુલ મિલેન્ટરીવાળા**
**ભાલેજ**

## ટેટ પાસ થયો :

એક ભક્ત સાક્ષી આપતં જણાવે છે કે, મારું નામ અમિત છે. મા મરિયમની કૃપાથી હું પાંચ વર્ષથી ટેટ ની પરીક્ષા આપતો હતો પણ પાસ થતો ન હતો. દરેક વખત મહેનત પાણીમાં જતી, પરિણામ મળતું ન હતું. નાપાસ થતો.

આ વખતે નક્કી કર્યું, વાંચવું નથી વાંચન છોડી દીધું ફક્ત માની કસોટી કરવી હતી. બોલો તમને સાચુ નહીં લાગે અનાથોની માની બાધા લીધી અને કોઈપણ જાતની મહેનત વગર મેં પરીક્ષા આપી તેની કૃપાથી ઉર્તીણ થયો છું. માતો દુઃખ હરનારી છે. મારી વાતની સાક્ષી ફાધર સમક્ષ રજુ કરતા આનંદ અનુભવું છું. ફાધર પણ કહે છે તે તો તેના હાથની વાત છે. યુવામિત્રો નિયમિત માની ભક્તિ કરો મારી જેમ તમે પણ સફળ થશો. અનાથોની માનો પુષ્કળ આભાર.

**-આપનો ભક્ત અમિત**

## દિકરાનું દાન :

સાક્ષી આપતા આનંદ અનુભવું છું. મારું નામ પરમાર હિતેશ પી. / પરમાર શ્વેતા હિતેષ. લગ્ન જીવનમાં પુત્રની ખોટ હતી.

અવાર નવાર સાંભળ્યું છે કે અનાથોની માતા લગ્નમાં નિસંતાન હોય તેઓને સંતાન આપે છે. અમે પણ તેના ધામે આવ્યા. પ્રાર્થના કરી એક વર્ષમાંજ પુત્રનું દાન પૂર્ણ કર્યું. મારા જીવનમાં ઘણા બધા કૃપા દાનો મા અનાથોનીએ આપેલા છે. તે બદલ હું આજે જ્યારે તા. ૨-૮-૨૦૧૮ ના દિને માના ધામે આવ્યો છું ત્યારે મારા જીવનની સાક્ષી આપતા આનંદ અનુભવું છું. સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો આભાર માનું છું. અંતમાં એટલું જ કે હરહંમેશ અમારા માટે પ્રાર્થના કરવા બદલ આભાર.

**-પરમાર હિતેષ પી.**
**પરમાર શ્વેતા હિતેષભાઈ**

## ઘર મળ્યું :

આજ રોજ તા. ૧૦-૫-૨૦૧૮ ને દિવસે ખંભોળજ માના ધામે બાધા પૂર્ણ કરવા આવ્યા છીએ. સાથે સાક્ષી આપતા હું રીના રાકેશ પરમાર, રાજકોટની રહેવાશી છું.

અમે ઈશ્વર પાસે મા મરિયમ પાસે ઘર માંગ્યું હતું. અને તેમણે અમને તે આપ્યું છું. તે માટે મા તારો ખૂબ જ આભાર. ઈશ્વરપિતા તે ઘરને આશીર્વાદથી ભરપૂર કરે તેવી મારી પ્રાર્થના.

**-રીના રાકેશ પરમાર**
**રાજકોટ**

## મકાન માટે પૈસા મળ્યા :

હું નામે એલ્વીના વિપુલ ક્રિશ્ચિયન રહે. અમદાવાદ, મણીનગર આનંદ સાથે ઈશ્વરપિતા / મા મરિયમની સાક્ષી આપતા જણાવું છું કે ઘણાં સમયથી મકાનનું કામ અટવાયું હતું. પૈસાનો બંદોબસ્ત ન થતા બે થી વધુ વર્ષ થઈ ગયા. સમાજમાં હાંસીને પાત્ર બનતા. આખરે અમે શ્રદ્ધાથી મા મરિયમને પ્રાર્થના કરી, ઈશ્વર પાસે પ્રાર્થના કરી હતી કે પૈસાની જરૂરિયાત પુરી થાય.

માંગણી મુજબ પૈસા મળી આવ્યા. મારા મમ્મી પપ્પાના ઘર બનાવવામાં રુકાવટ દુર થઈ માટે હે મા તથા ઈસુ બાપ આપનો આભાર માનું છું.

**-એલ્વીના વિપુલ ક્રિશ્ચિયન**
**મણીનગર, અમદાવાદ**

## ઓપરેશન સફળ બન્યું :

મારું નામ ફ્લોરેન્સ રોબીન મેકવાન ઘણા સમયથી મને ગર્ભાશયમાં દુઃખાવો થતો હતો. ડોકટરના કહ્યા મુજબ ઓપરેશન કરાવ્યું મા અનાથોનીની કૃપાથી ઓપરેશન સફળ બન્યું. માતા મરિયમ તથા બાળ ઈસુનો ખૂબ જ ધન્યવાદ.

છેલ્લા કેટલાક સમયથી હું અને મારા પતિ અમારું પોતાનું મકાન થાય એવી ઈચ્છા તથા પ્રાર્થના કરતાં. મા મરિયમ તથા ઈસુ બાપે મારી પ્રાર્થના સાંભળી તેમણે મને ખૂબજ સરસ અને સીટીમાં વ્યાજબી ભાવે મકાન પુરું પાડયું માટે મા તારો આભાર.

**-ફ્લોરેન્સ પરમાર**
**મણીનગર, અમદાવાદ.**

## ગંભીર બિમારીમાંથી બહાર :

હું મકવાણા અવની રમેશભાઈ એ વાતની સાક્ષી આપું છું કે પવિત્ર મારિયાના દિવ્ય પ્રતાપથી મારી પરિસ્થિતિ ઘણી સારી થઈ. મારાથી બેસી કે ચાલી શકાતું નહતું. ભયંકર બિમારીમાં સપડાઈ ગઈ હતી.

મા મરિયમને વિનંતી કરી કે હવે તું જીવાડે કે મારે તારા હાથોમાં છે. આપ નહીં માનો થોડા સમયમાં મારી શારીરિક સ્થિતિમાં સુધારો થવા લાગ્યો. મારો રોગ મટી ગયો હું હરી ફરી શકું છું. આજરોજ ખંભોળજ અનાથોની માતાના ધામે આવી મારી માનતા પૂર્ણ કરી સાક્ષી લખતા આનંદ અનુભવું છું.

પ્રભુ ઈસુ તમારો મા મરિયમ તમારો ખૂબ ખૂબ દિલથી આભાર. હું એજ કહું છું મારા પરિવાર માટે બધા લોકોને સાચવજે. સારી તંદુરસ્તી આપજે તેમને હંમેશા હસતા રાખજે.

**-અવનિ રમેશભાઈ**
**આણંદ**

## યુ.એસ.એ. ગ્રીન કાર્ડ મળ્યું :

મા અનાથોનીની સાક્ષી આપતા હું સોનલબેન ક્રિશ્ચિયન જણાવું છું કે ઘણા સમયથી હું પ્રાર્થના કરતી હતી કે મારી બેનને યુ.કે.નું ગ્રીન કાર્ડ મળે ને આજે ફોન આવ્યો છે. મને ગ્રીન કાર્ડ મળી ગયું છું.

તરત જ હું ખંભોળજ અનાથોની માતાના ધામે દોડી આવી ને પ્રાર્થના કરી મા તારો ખૂબ ખૂબ આભાર. મારી વિનંતી તમે સાંભળી મને શ્રધ્ધા હતી કે આ ચર્ચમાં વિનંતી મૂકવાથી મા જરૂર સાંભળશે. તા. ૧-૧-૨૦૧૯ ના દિવસે મારી મનોકામના પૂર્ણ થઈ છે. સાક્ષી આપતાં આનંદ અનુભવું છું.

**-સોનલ ક્રિશ્ચિયન**
**મણીનગર, અમદાવાદ**

### કેન્સર મટ્યું :

મા અનાથોનીની સાક્ષી આપતા જણાવું છું કે મારું નામ મેકવાન પ્રકાશ છે. હું ઘણાં સમયથી ખંભોળજ માના ચરણોમાં માંગણી લઈને આવું છું.

દુવા અને દવા આજે રંગ લાવી છે. મારા જીવનમાં મારા ધર્મપત્નિને કેન્સર હતું અને તેને સાજાપણું મળ્યું. સાથે અર્પણ નામે દિકરાનું દાન આપ્યું તે માટે પ્રભુ તમારા તથા મા મરિયમનો ખૂબ ખૂબ આભાર. મારા જીવનમાં ખૂબજ મોટો ચમત્કાર તમારા દ્વારા થયેલ છે. મારા જેવા દુઃખીને વહારે થજો મા મરિયમ તમારા દરબારમાં આવે તેની વિનંતીનો સ્વીકાર કરજો એજ પ્રાર્થના.

**-મેકવાન પ્રકાશ જે.**
**બડાપુરા, આણંદ**

### ખોવાયેલ મળી આવ્યા :

વાત જાણે એમ છે કે હું દિપાબેન રાસનોલ ખ્રિસ્તી ફળિયું સાક્ષી આપું છું કે મારો ભાઈ ચન્દ્રેશકુમાર રમણભાઈ મેકવાન છેલ્લા ઘણાં મહિનાઓથી લાપતા હતો. ઘરેની નીકળી ગયેલ. ઘરના લોકો પરેસાન થઈ ગયા હતા. મને મા અનાથોની ઉપર વિશ્વાસ હતો કે મારા ભાઈનો પત્તો લાગે હું ખંભોળજ જઈશ. બન્યું પણ એવુંજ.

આજરોજ પરણીત પુરુષો માટેની શિબિરના દિવસ તા. ૨૧-૭-૨૦૧૯ ને રવિવારના દિને ૧-૩૦ વાગ્યે ચાલતા મારા કાકી સાથે હું ચર્ચમાં આવી. ફાધર સમક્ષ મારી સાક્ષી આપી. મારી શ્રદ્ધાએ મારા ભાઈને પાછો મેળવી આપ્યો છે એ બદલ મા અનાથોનીનો આભાર માનું છું. આજે તારા મંદિરમાં એટલું જ માગુ છું કે તારા પુત્ર આગળ અમારા જેવા માટે ખાસ વિનંતી કરજે જેથી તારા નામનો મહિમા તારા પુત્રનો વૈભવ થાય.

અંતમાં એટલું જ કે માના ધામે જે કોઈ આવે છે તે ખાલી હાથે પાછું ફરતું નથી આજે બપોરે મારી આ બાધા માંથી હું છુટી થવું છું.

**-દિપા મેકવાન**
**રાસનોલ, આણંદ.**

## અનાથોની માતાનું ધામ, ખંભોળજ
## પવિત્ર ખ્રિસ્તયજ્ઞનો સમય

૧. દરરોજ સવારે ૬-૩૦ કલાકે

૨. દર બુધવારે સાંજે ૬-૦૦ કલાકે

૩. દર પ્રથમ શુક્રવારે સાંજે ૬-૦૦ કલાકે

૪. દર પ્રથમ રવિવારે (૧) સવારે ૬-૦૦ કલાકે (૨) સવારે ૭-૧૫ કલાકે (૩) સવારે ૮-૩૦ કલાકે (૪) સવારે ૧૧-૦૦ કલાકે (૫) સાંજે ૫-૦૦ કલાકે

૫. દર રવિવારે (૧) સવારે ૬-૦૦ કલાકે (૨) સવારે ૮-૩૦ કલાકે (૩) સાંજે ૫-૦૦ કલાકે

## : HOLY MASS :

| | |
|---|---|
| Everyday Morning | : 6-30 a.m |
| Every Wednesday | : 6-00 p.m. |
| Every First Friday | : 6-30 a.m. & 6-00 p.m |
| Every Sunday | : 6-00 a.m & 8-30 a.m. & 5-00 p.m. |
| Every First Sunday | : 6-00 a.m. & 7-15 a.m. & 8-30 a.m. & 11-00 a.m. & 5-00 p.m. |



**નોંધ : બધાજ ખ્રિસ્તયજ્ઞ ગુજરાતીમાં થશે.**

# અનાથોની માતાનું તીર્થધામ સમાચાર

-શૈલેષ વાણીયા

## આરાધના :

તા. ૭-૭-૨૦૧૯ ને જુલાઈ માસના પ્રથમ રવિવારે ૮-30 કલાકના ખ્રિસ્તયજ્ઞ બાદ રેવ ફાધર લૉરેન્સ દ્વારા ઈસુના પૂજ્ય હૃદય આપણને સંભાળે છે, સાચવી રાખે છે ખ્રિસ્તયજ્ઞ બાદ આરાધના રાખવામાં આવી.

મોટી સંખ્યામાં આવેલ મરિયમ ભક્તોએ ટૂંકી આરાધનામાં ભક્તિભાવ પૂર્વક જોડાયા. રેવ ફાધર અશોક વાઘેલા જેવો ગુર્જરવાણીના ડાયરેક્ટર તથા તેમની ટીમ દ્વારા વરદાન આલબ્મ સભા પુરોહિત ફાધર લૉરેન્સના કરકમળ દ્વારા ખુલ્લુ મૂકવામાં આવ્યું. વરસાદીય વાતાવરણમાં મોટી સંખ્યામાં મરીયમ ભક્તોએ દર્શનનો લાભ લીધો. બધીજ મીસ સમયસર પૂર્ણ થઈ. ભક્તોજનોમાં ધાર્મિકતાનો રંગ ઉત્સાહ પૂર્વક જોવા મળ્યો.

## વેદિસેવકો માટે શિબિર :

માસવાર આયોજનમાં આજરોજ પ્રથમ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૪-૭-૧૯ ને રવિવારના રોજ ખંભોળજ ચર્ચ આયોજિત રેવ ફાધર લૉરેન્સ દ્વારા તાબાના બાળકો માટે વેદિ સેવક / સેવિકા માટેની શિબિરનું આયોજન.

તાલીમ આપનાર બ્રધર દિપક તેઓ ગાંધીનગર ધર્મવિભાગમાં છે. તેઓ દ્વારા ધો. ૪ થી ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વેદિક સેવક બનવાથી પ્રભુ આપણને સહાય કરે છે. આપણા જીવનમાં દુઃખ, બિમારી આવતી નથી. પરીક્ષામાં ઉત્તીર્ણ થવાય છે. જેવી બાબતો બાળમિત્રોને સમજાવી. ૯-૪૫ થી શરૂ કરેલ વર્ગની પૂર્ણાહુતિ ૧૨-૦૦ કલાકે નાસ્તા સાથે કરવામાં આવી.

બ્રધર દિપક બાળકોને સમજાવે છે કે નિયમિત રવિવારની પરમપૂજામાં ભાગ લો. પ્રભુ ઈસ઼ુ તમારું રક્ષણ કરશે. હું આશા રાખું છું કે તમારામાંથી કેટલાક દિકરા દિકરીઓ પણ મારી જેમ પ્રભુના કાર્યમાં મોટા થઈને જોડાય તેવી મારી ઈસુ પિતાને પ્રાર્થના છે. એકંદરે આ શિબિર ખુબજ સફળ રહી બાળકોનો સારો પ્રતિસાદ જોવા મળ્યો.

## પરણીત પુરુષો માટે શિબિર :

તા. ૨૧-૭-૨૦૧૯ ને રવિવારના રોજ રેવ ફાધર લૉરેન્સ દ્વારા તાબાના પરણિત પુરુષો માટે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું. વરસાદીય વાતાવરણમાં શિબિર સફળ. વક્તા તરીકે શ્રી ફ્રાન્સીસ કાનીસ પધાર્યા હતા.

શિબિરની રૂપરેખા આ મુજબ હતી. ૧૦-૦૦ કલાકે ચર્ચ હોલમાં ગોઠવણી.

* પ્રાર્થના * આવકાર * પ્રોજેક્ટરની મદદથી પરિવાર ક્લીપ * રિશેષ * પ્રશ્નોત્તરી * કુટુંબમાં પુરુષોની જવાબદારી * આભાર વિધિ * અંતિમ પ્રાર્થના * સ્નેહ ભોજન.

ઉપર મુજબ સમગ્ર શિબિરનું સંચાલન સફળતા પૂર્વક જોવા મળ્યું. ૧૦-૦૦ કલાકે શિબિરાર્થીઓ હોલમાં ગોઠવાયા. રેવ ફાધર લૉરેન્સ દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી. આવેલ ગામે ગામેથી પુરુષોને આવકાર આપવામાં આવ્યો. આટલા બધા વરસાદમાં તમે અહીંયા આવ્યા એટલે કંઈ પ્રાપ્ત કરીને જવાના તેવો વિશ્વાસ વ્યક્ત ફાધરે કર્યો.

ત્યારબાદ શ્રી ફ્રાન્સિસભાઈને કમાન સોંપવામાં આવી. તેઓ દ્વારા પરિવાર એટલે... પતિ અને પત્ની.

એટલે કે સ્ત્રી અને પુરુષ સહજીવન જીવે, ઈશ્વર જ્યારે બાળકની ભેટ આપે ત્યારે પરિવાર રચાય. બાળકો આપણને મા કે બાપ બનાવે છે. ઈશ્વરની કૃપા જ આપણને મા કે બાપ બનાવે છે. ૫૦૦ વીઘાનો માલીક હોય પણ શેર માટીની ખોટ હોય એવું આપણે જોયેલું કે સાંભળેલું છે. કુટુંબમાં ઈશ્વરનું સ્થાન અગત્યનું છે. જે ક્લીપ દ્વારા શિબિયાર્થીઓને સમજાવે છે.

તેઓએ પોતાની આગવી શૈલીમાં એવું તો ભાથું પીરસ્યું કે જોતજોતામાં ૧૨-૦૦ વાગ્યા તો પણ કોઈ પણ વ્યક્તિ પોતાની જગ્યાએથી હલવાનું નામ દેતા ન હતા. ૧૫ મિનિટની રિશેષ આપવામાં આવી. ત્યારબાદ બધાએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. બે કલાકમાં જે કંઈ શીખ્યા હતા તેનું પુનરાવર્તન.

પ્રશ્નોત્તરી કરવામાં આવી. શ્રોતાગણ જવાબ આપતા

સાથે પ્રશ્નો પણ પૂછતા. પીલા કાઢવાના ઉદાહરણ દ્વારા કુટુંબમાં પુરુષોની જવાબદારીનું ભાન કરાવે છે. જ્યાં સુધી પાંચ પેટ ભરવાની આપણામાં તાકાત ન હોય ત્યાં સુધી લગ્ન કરવાનો કોઈ અધિકાર નથી. સલમાનખાનના ઉદાહરણ દ્વારા ઘણું બધું સમજાવી જાય છે.

૧-૪૫ વાગ્યે આભાર વિધિ શૈલેષ સાહેબ દ્વારા કરવામાં આવી. વક્તાશ્રી, સભા પુરોહિત ફાધર, સહાયક ફાધર, બ્રધર, ઉપસ્થિત શિબિરાર્થીઓ તથા પરમપિતાનો આભાર માની ટુંકી પ્રાર્થના પૂ. ફાધર લૉરેન્સ દ્વારા કરાવવામાં આવી.

સ્નેહ ભોજન લઈ ૨-૩૦ વાગ્યે શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી. પરણિત પુરુષોની આ શિબિર ખૂબજ યાદગાર શિબિર બની. ગામડેથી આવેલ શ્રોતાઓના ચહેરા ઉપર અનેરો આનંદ જોવા મળ્યો. ભોજનના પણ વખાણ થયા. શિબિર પાછળ સભા પુરોહિત દ્વારા મોટો ખર્ચ કરવામાં આવ્યો.

## મીણબત્તી સ્ટેન્ડ / વેદિનું નવીનીકરણનો આશીર્વાદ :

તા. ૪-૮-૨૦૧૯ ને પ્રથમ રવિવારે અમદાવાદ ધર્મવિભાગના ધર્માધ્યક્ષ પૂ. બિશપ રત્નાસ્વામીના કરકમળ હસ્તે આશીર્વાદ.

કેટલા સમયથી સભાપુરોહિત રેવ ફાધર લૉરેન્સ વેદિનું નવિનીકરણ / મીણબત્તી સ્ટેન્ડની તૈયારીમાં લાગી ગયા હતા. દિવસ-રાતની મહેનત બાદ આજે તે દિવસ આવી ગયો.

પ્રથમ રવિવાર હોવાથી મરિયમ ભક્તો અસંખ્યની સંખ્યામાં ઉમટી પડયા. વરસાદી વાતાવરણમાં પણ મા મરિયમ પ્રત્યેની ભક્તિ જોવા મળી.

પવિત્ર ખ્રિસ્તયજ્ઞ પૂ. બિશપ રત્નાસ્વામી દ્વારા વેદિને આશીર્વાદ ત્યારબાદ બિશપ સાહેબશ્રીની ઔપચારિક મુલાકાત, હાથ ચુંબન. રેવ ફાધર લૉરેન્સની સુચના અનુસાર બધા મીણબત્તી સ્ટેન્ડ આગળ ઉપસ્થિત થયા. પ્રાર્થના, મા મરિયમને ફુલમાળા, ભજનોથી દેવાલય પટણાંગણ ગુંજી ઉઠ્યું.

મા મરિયમની પ્રતિમાના દર્શન કરવા માટે મોટી મેદની જોવા મળી આવી શ્રદ્ધા જોઈને બિન કેથોલિક નવાઈ પામ્યા. રસ્તે જનાર બેઘડી ઉભા રહી ગયા દર્શન કરવા લાગ્યા.

પવિત્ર વિધિમાં ઉપસ્થિત રેવ ફાધર લૉરેન્સ, રેવ ફાધર માર્ટીન, રેવ ફાધર અંતોન, રેવ ફાધર સિજોન, સેક્રેટરીશ્રી રેવ ફાધર નિલેષ, બ્રધરો, સિસ્ટરો ને હજારોની સંખ્યામાં મરિયમ ભક્તો.

અગત્યની બાબત તો એ હતી કે આ દિને સંત જોન વિયાનીનું પર્વ હોવાથી સર્વ ફાધરોને પર્વની શુભેચ્છા પાઠવવામાં આવી. ટુંકા ગાળામાં સુંદર બાંધકામ બદલ રેવ ફાધર લૉરેન્સ જેવો સભાપુરોહિત છે તેમનો હૃદયથી આભાર સેવા સમિતિ તરફથી માનવામાં આવ્યો.

## મહિલાઓ માટે એક દિવસીય શિબિર :

તા. ૨૯-૯-૧૯ ને રવિવારના રોજ મહિલાઓ માટે એક દિવસીય શિબિર ઉમંર વર્ષ ૬૦ સુધી.

આજ રોજ રેવ ફાધર લૉરેન્સ દ્વારા આયોજિત મહિલાઓ માટે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું, મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

* પ્રાર્થના * રજીસ્ટ્રેશન * રેવ ફાધર લૉરેન્સ દ્વારા એક માતા સો શિક્ષક સમાન * રિશેષ * વક્તા કોકિલાબેન દ્વારા જીવન સંઘર્ષ * સ્નેહભોજન * અંતિમ પ્રાર્થના.

ટાઈમ ટેબલ અનુસાર બરાબર ૯.૪૫ વાગ્યે હોલમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ ખુરશીઓમાં મહિલાઓએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. રેવ ફાધર દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી. આવેલ બહેનો દ્વારા પોતાનો પરિચય આપવામાં આવ્યો. ટોકમાં રેવ ફાધર જણાવે છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. માતા ધારે તે કરી શકે છે. જીવનમાં આવનાર મુશ્કેલીને કેવી રીતે દૂર કરવી બાઈબલ વચનો દ્વારા ફાધર સમજાવે છે.

નિયમિત પ્રાર્થના કરો પોતાના બાળકને ખ્રિસ્તયજ્ઞમાં મોકલો તમારી પવિત્ર ફરજ છે. સારા સંસ્કારોનું સિંચન કરવું ફરી ક્યારે મળવું, ૨૦ તારીખ નક્કી કરવામાં આવે છે. અવનવા ઉદાહરણો સાથે એક કલાક પસાર થઈ ગયો ખબર પણ ન પડી. બહેનો પોતાની જગ્યાએથી હલવાનું નામ લેતા ન હતા.

ત્યારબાદ પાંચ મિનીટની રિશેષ આપવામાં આવી કોકિલાબેન લાંભવેલવાળા દ્વારા બીજા સેશનની શરૂઆત. પોતાનો પરિચય આપતા જણાવે છે કે નારીનું જીવન એક સંઘર્ષ હોય છે. મારા જીવનમાં ઘણી બધી મુશ્કેલી આવી છે મે પ્રાર્થના બંધ નથી કરી. ચર્ચમાં દર રવિવારે જાઉ છું. તમે પણ નિયમિત હાજરી આપો. ચર્ચમાં જાવ બાળકોને પણ મોકલો.

તેમના શેષન બાદ દસ મિનિટનો બ્રેક આપવામાં આવ્યો. ત્યારબાદ ફા. લોરેન્સ દ્વારા જણાવવામાં આવે છે કે મને આનંદ થાય છે કે આપ અહીંયા હાજર છો જે આવ્યા છે તે કંઈ પ્રાપ્ત કરીને જવાના છે. ૧-૩૦ વાગ્યે સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું ત્યારબાદ બધી બહેનો ભેગા મળી ફાધરનો આભાર માની છુટા પડયા.

૯-૪૫ વાગ્યે શરૂ કરવામાં આવેલ શિબિર ૨-૦૦ વાગ્યે પૂર્ણ. મોટો ખર્ચ સભા પુરોહિત દ્વારા કરવામાં આવ્યો. બહેનોના મુખાકૃતિ પર આનંદ જોવા મળ્યો.

ધર્મ શિક્ષણ રેવ ફાધર માર્ટીન અપ્પા દ્વારા ખુબજ મોટી સંખ્યામાં છોકરા-છોકરીઓએ ભાગ લીધો. શરૂઆતમાં રેવ ફાધર દ્વારા પ્રાર્થના ત્યારબાદ વારાફરતી બધા બાળકોને ક્રૂસની નિશાની, હે મારા બાપ, પ્રણામ મારીયા બોલાવવામાં આવી.

નાની નાની વાર્તાઓ દ્વારા હસી ગમ્મત સાથે બાળકોનો કલાક પસાર થઈ ગયો ખબર પણ ન પડી. બાળકોને આજના વર્ગમાં મઝા આવી તેવું પોતાનો મત આપતા કોલીંગ જણાવે છે. ૯-૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ વર્ગની પૂર્ણાહુતિ ૧૦-૪૫ વાગ્યે, ફાધર જણાવે છે કે નિયમિત વર્ગમાં આવશો તો ફાધર તમને પિકનિકમાં લઈ જશે. બીજો અને ચોથો રવિવાર યાદ રાખો. માબાપની આજ્ઞાનું પાલન કરજો. દેવળમાં આવજો.



## સિનિયર સિટીઝન ડે :

તા. ૨૯-૯-૨૦૧૯ ને રવિવારના રોજ ૯-૪૫ કલાકે રેવ ફાધર લોરેન્સ દ્વારા એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો.

તાબાના ગામોમાંથી મોટી સંખ્યામાં૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝનોએ ભાગ લીધો. નક્કી કરેલ જગ્યાએ ખુરશીગોઠવવામાં આવી હતી. હોલમાં સ્થાન ગ્રહણ કર્યું. ૧૦-૦૦ કલાકે રેવ ફાધર લોરેન્સ દ્વારા સર્વ વડિલોને આવકાર આપવામાં આવ્યો. તરતજ ફ્રાન્સિસ ડાવર્સા વક્તા તરીકે આવ્યા હતા. તેઓ વડિલોને સંબોધતા જણાવે છે કે હવેનું બાકી જીવન ભક્તિમય રીતે જીવવું. નિયમિત પ્રાર્થના કરવી, મારા દાદા હંમેશા ખેતરમાં જતાં ત્યારે સાથે બાઈબલલઈ જતા. પાછલી જિંદગીમાં તેઓએ સાતવાર સંપૂર્ણ બાઈબલ વાંચ્યું હતું. અવનવા ઉદાહરણ દ્વારા સર્વેને જકડી રાખ્યા.

રિશેષ બાદ રેવ. ફાધર મયંર પરમાર, ડોન બોસ્કો પ્રોજેકટરની મદદથી અવનવી ફિલ્મ દ્વારા વડિલોને હસી-ગમ્મત સાથે જીવનની કડવી-મીઠી ઘટનાઓ બતાવવામાં આવી. ફુગ્ગાની રમતથી વડિલોને મઝા પડી. ફુગ્ગાને હાથથી ઉછાળવાનો જેનો પડી જાય તે આઉટ. સમય કેવી રીતે પસાર થઈ ગયો ખબર ન પડી.

ત્યારબાદ બરાબર ૧-૦૦ વાગ્યે જમવા ગયા. પ્રાર્થના રેવ ફાધર દ્વારા. સમય કાર્યક્રમ ૨-૩૦ કલાકે પૂર્ણ. વડિલોના ચહેરા ઉપર અનેરો આનંદ જોવા મળ્યો. કાર્યક્રમ પાછળ મોટો ખર્ચ રેવ ફાધર લોરેન્સ દ્વારા કરવામાં આવ્યો.



# અનાથોની માતાનું તીર્થધામમાં થતી પ્રવૃત્તિઓની ઝલક










# અનાથોની માતાનું તીર્થધામમાં થતી પ્રવૃત્તિઓની ઝલક










# તમારો પત્ર....

(૧) જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૧૯, વર્ષ-૬ અંક-૨૩ મળ્યો. આતુરતાથી રાહ જોઈને બેઠી હતી. પડોશમાં કાશીબાને પૂછીને આવી બા તમે ૭-૭-૧૯ ને રવિવારે ૮-૩૦ના યજ્ઞમાં ગયા હતા તમને આપણી મા મળી. બા કહે નથી મળી.

૧૧-૧૫ વાગ્યે તા. ૧૦-૭-૧૯ ને બુધવારના દિવસે પોષ્ટ આવી. મારી મમ્મીએ મને જણાવ્યું કે બેટા આપણી મા આવી ગઈ છે. કામમાં હતી નોકરી પતાવીને ઘરે આવી. પાણી પીધુ ટીપોઈ ઉપર આપણી મા પડી હતી. સુંદર કવર પેજ વેદી ઉપર રેવ પાધર લૉરેન્સ જાણે બોધ આપી રહ્યાં, એવું લાગતું કે હું ખંભોળજમાં છું, વી.બી.એસ.ની તસ્વીર, તાબાના શિષ્યોના ફોટા, પસંદગી મેળો જેવા કાર્યક્રમોથી કવર પેજને મઢવામાં આવ્યું એવું લાગતું હતું કે જાણે હાજરા હજુર આપણે બધી પ્રવૃત્તિમાં ભાગ લીધો હોય.

ગોળાકારમાં આપવામાં આવેલ ફોટો અપરિચિત હતો. હાથોમાં કુલદાની નીચે નામ વાંચતા માલુમ પડ્યું કે તેઓશ્રી ફાધર માર્ટીન અપ્પા છે. આપની બદલી થતા તમે મા અનાથોનીના ધામમાં આવ્યા છો સુંદર મુખપૃષ્ઠ બદલ પસંદગી કરનારને અભિનંદન.

પાન ઉલટાવતા બીજા નંબરના પાન ઉપર નજર ગઈ. ફાધર લૉરેન્સ જણાવે છે કે માતા મરિયમની ભક્તિ : એક પ્રેમની યાત્રા. વાત સાચી છે. માતા મરિયમ બધાને પ્રેમ કરે છે. સાચવે છે, દુઃખ દર્દ દૂર કરે છે. પ્રથમ મુલાકાત પછી વારંવાર આવવાનું ઓટોમેટીક મન થાય છે. મારા જીવનને સ્પર્શતી વાત આપે કરી તે બદલ આપને અભિનંદન.

સામેના પાન તરફ નજર જતાં તંત્રીશ્રી મારા ગુરુ છે. તેઓશ્રીએ મને ભણાવી છે. હૃદયના તેઓ રાંક છે, માયાળુ ને નમ્ર છે, પ્રેમાળ છે. પૃથ્વી ઉપર જન્મ લઈ આવનાર દરેક બાળક પ્રથમ તો સારું જ હોય છે. જેમ જેમ તેનો ગ્રાફ વધતો જાય છે તેમ તેમ તેનામાં ખરાબ બાબતો પ્રવેશતી જાય છે. તેનું ભવિષ્ય ઉજ્વળ કરવા માટેની સંપૂર્ણ જવાબદારી મા-બાપ ઉપર રહેલી છે. તદ્દન સાચી વાત સાહેબ આપે કહી તે બદલ આપશ્રીને અભિનંદન. સમાજના ઉત્થાનમાં ભાથુ આપવા બદલ. સાથે અંકમાં છપાયેલ એક એક લેખનું મારા મતે આગવું મહત્વ છે, માતા મરિયમની દુધર્ષ યાત્રાઓ શ્રી અનિલ વાઘેલા સાહેબ. બાળમિત્ર રંગનાથ કાંચિડો બોધ વાર્તા બદલ શ્રીમતી પ્રિતીબેન પરમાર, ત્રણ ઘરેણા -શ્રી શૈલેશ રાઠોડ સાહેબ, Choice is Yours જીવનની શરૂઆતથી લઈ અંતિમ શ્વાસ સુધી તમે ડગલેને પગલે વિવિધ પ્રકારની પસંદગી કરો છો. શ્રી પ્રજ્ઞેશ દેવાંશી સાહેબ, બાઈબલ આધારિત આધ્યાત્મિક વાતને ધાર્મિકતા સાથે જોડનાર એ કહે તેમ કરજોના લેખક શ્રી રાજેશ ચૌહાણ સાહેબને અભિનંદન. બધાજ લેખકોના લેખ ખુબ જ સુંદર છે. જાણે ચુંટી કાઢેલા મોતી સમાન. દિશાને દશા સુચક ભાથુ પિરસાયું છે.

સાથે એક બાબત મને વધુ ગમી છે ઘણા બધા કવિ મિત્રોએ પોતાની રચના આપી છે સર્વ કવિ મિત્રોને અભિનંદન. અંતમાં મા મરિયમ બધાની મનોકામના પૂર્ણ કરે તેના દ્વારે આવનાર ખાલી હાથે પાછુ ન જાય તેવી પ્રાર્થના સાથે આપણી મા કમિટીને અભિનંદન પાઠવું છું.

**-દિવ્યા સુરેશભાઈ પરમાર, વિદ્યાનગર**

**૧૫-૭-૨૦૧૯, સોમવાર**

(૨) આપણી મા જુલાઈ માસનો અંક વાંચવા મળ્યો. મનમાં થયું કે લાવ પત્ર પાઠવીએ. નામ માટે નહીં પરંતુ જે સાચી બાબતને ઉજાગર કરનાર આ કલમના કસબીઓને પોંખીએ. જતના ના સર્જક શ્રી શૈલેષ વાણીયા સાહેબ મારા મિત્ર છે તેઓની કલમે લખાયેલ લેખ સમાજમાં આધ્યાત્મિક સ્તર ઉંચુ લાવવામાં એક હકારાત્મક ભૂમિકા ભજવશે. લેખક મિત્રને ખૂબ ખૂબ અભિનંદન.

એક ટકોર કરવી છે. સોશ્યલ મીડિયા ઉપર અવતા લેખનું રિઝલ્ટને અંકના રિઝલ્ટમાં તફાવત છે. અંકને પણ સોશ્યલ મિડીયા પી.ડી.એફ. ફાઈલ જેવો બને તે દિશામાં કઈ વિચારો તો સારું બાકી તો અંક વખાણવાને લાયક છે.

રેવ ફાધર લૉરેન્સ દ્વારા આપવામાં આવેલ સંદેશ માતા મરિયમની ભક્તિ : એક પ્રેમની યાત્રા શ્રદ્ધામાં વધારો કરે તેઓ સંદેશ ઉદાહરણ દ્વારા સમજાવવા બદલ ફાધર આપશ્રીને અભિનંદન. ધર્મશિક્ષણના વર્ગથી મારું માનવું છે કે બાળકોમાં બાઈબલનું જ્ઞાન વધશે. પ્રાર્થના કરતા શીખશે, ચર્ચમાં આવતા થશે. અભિનંદન ફાધર.

અંતમાં એટલું જ કહીશ કે કવિ મિત્રો દ્વારા લખવામાં

આવેલ કવિતા તેમજ ગઝલ ખુબજ સુંદર છે. અભિનંદનને પાત્ર છે. સર્વ ટીમને મારા હૃદયથી અભિનંદન.

**-સંજય જે. પરમાર, નરસંડા**

**તા. ૩૧-૭-૨૦૧૯**

(૩) આમ તો હું પુણ્યભૂમિ ઈઝરાયેલમાં છું લગભગ ત્રણ વર્ષથી રહુ છું. આપણી માના ગ્રુપમાંથી ફોન પડી જવાથી નીકળી ગયો છું. પરંતુ તંત્રીશ્રીની પ્રોફાઈલ ખોલતા આપણી મા વાંચવા મળી. તેઓનો નંબર મળ્યો ને વોટશોપ પત્ર લખવાની પ્રેરણા જાગી. રેવ ફાધર લૉરેન્સ ખુબજ સુંદર કાર્ય ખંભોળજ ધરા ઉપર કરી રહ્યા છે તે ફોટામાં જોઈ શકાય છે.

આપણી મા અંક ફોનમાં જોઈ લીધો. ખૂબજ સુંદર લેખ તથા કાવ્ય ધારા જોવા મળ્યા. તાબામાં થતી પ્રવૃત્તિના ફોટા પણ ખુબજ સુંદર છે.

કવરપેજ જોવાનું મન થાય તેવું અતિ સુંદર છે. એક કોલમ કેટલાય સમયથી જોવા મળતી નથી. બાઈબલ ક્વિઝ તેના સ્થાને ધર્મશિક્ષણ વર્ગ છે. યોગ્યને યર્થાત્ છે. વધુ લખતા મા મરિયમ આપણા સર્વની ઈચ્છાઓ પૂર્ણ કરે તેવી પ્રાર્થના.

**-સુહાગ પી. પરમાર**

**ઈઝરાયેલ**

(૪) સમાજમાં બનતી ઘટના ઉપર પ્રહાર કરતા શ્રી તંત્રી સાહેબ જણાવે છે કે જતનની જવાબદારી માબાપની છે એ વાત સાથે હું સંમત છું. નાનકડી અમિતભાઈ વાળી વાર્તામાં મારે કંઈક ઉમેરવું છે. છોરું કછોરુ થાય માવતર કમાવતર ન થાય. અહીંયા તો માએજ બાળકનું જીવન બગાડ્યું. સુંદર બોધ લેખ બદલ અભિનંદન.

માતા મરિયમની દુર્ઘષ યાત્રાઓમાં વડિલશ્રી અનિલ વાઘેલા સર જણાવે છે કે મા મરિયમે દુઃખ વેઠ્યું તો અડકતરી રીતે આપણે પણ દુઃખ સહન કરવું જોઈએ. દુઃખ પછી સુખ છે. અભિનંદન સાહેબ આપશ્રીને.

આપણી મા સાથે સંકળાયેલા તમામ કાર્યકરોનો દિલથી આભાર. સુંદર કાર્ય સમાજના હિતમાં થઈ રહ્યું છે મા મરિયમનો મહિમા દિવસે દિવસે વધી રહ્યો છે. પુષ્કળ ભક્તો દર્શને આવે છે વધુને વધુ વાચકો જોડાય માના મંદિર આવે.

**-વૈશાલી એસ. પરમાર, નડિયાદ**

(૫) આપણી મા ત્રિમાસિક સામાયિકની પી.ડી.એફ. ફાઈલ મળી. આપણી માનો પ્રેમ અદ્વિતીય છે. જેમાં અનેક અંગો છે જેવાં કે, ધાર્મિક લેખો, સામાજિક લેખો, જાહેરાતો, કાવ્યો, વાર્તાઓ પણ ખરી સુબોધવાર્તા, તંત્રીશ્રી શૈલેષ વાણીયાની વિરહ ગઝલ જોરદાર છે. અભિનંદન. મેગેઝીનનું કવરપેજ પણ વખાણવા યોગ્ય રેવ ફાધર લૉરેન્સ દ્વારા આપવામાં આવેલ સંદેશ આધ્યાત્મિકતામાં વધારો કરે છે. અભિનંદન.

પ્રિતીબેન પરમાર દ્વારા લખવામાં આવેલ વાર્તા સુબોધ છે. રંગનાથ કાંચિડો સુપર. એ વાર્તા દ્વારા મનુષ્ય જીવનને બોધ આપવાનો પ્રયાસ.

અનાથોની માતા મરિયમ તો જગત જનની છે. માતાના ચરણોમાં તો સ્વર્ગ છે. એવું મોટા મોટા સંતો મહંતો તથા સાસ્ત્રોમાં લખેલું છે. આપણે આપણી માતાને રીઝવવા જાત-જાતના વચનો, બાધાઓ રાખીએ છીએ પણ આપણી આ અનાથોની માતાને કશાની આવશ્યકતા નથી. મનમાં, હૃદયમાં માતા ઉપર થોડી શ્રદ્ધા હશે તો માતા આપણી પુકાર જરૂર સાંભળશે. અનાથોની માતાનો હાથ સદા આપણી ઉપર રહે અને આપણને સહુને તંદુરસ્ત રાખે. માતાને તેના બાળકો પ્રત્યે સદા પ્રેમ હોય છે ! માતાની સમક્ષ આપણે એકલા નથી તેની નજરમાં પૃથ્વી પર વસતા સમગ્ર માનવીઓ તેના બાળકો છે.

સાહેબનો ખુબ ખુબ આભાર. તેઓ બિન કેથોલિકને પણ પોતાના પરમમિત્ર બનાવે છે. એ આપણી માના તંત્રીશ્રીની ઉદારતા છે. ફેસબુક, વોટસોપ ઉપર તેમના લેખ, કાવ્ય, ગઝલ, વાર્તાને હું વાંચુ છું. આ ત્રિમાસિક અંકથી હું ઘણો પ્રભાવિત છું. પ્રકાશક રેવ ફાધરને અભિનંદન. અનાથોની માતા એ મીણબત્તી માંગતી નથી. અંધારામાં માનું મુખડું દેખાય છે પણ મીણબત્તી દ્વારા સંદેશો આપે છે કે મારા પગલે ચાલી સેવાના કામો કરી આપણા સમાજનું તથા જે લોકો નિરાધાર છે, દુઃખી છે, નિઃસહાય છે તેમને મદદરૂપ થઈ પોતાની તથા જે દુઃખી છે તેમના જીવનમાં ખુશીનું અજવાળું કરો તે હેતુસર સામાયિકમાં સાક્ષી આપવામાં આવતી હોય તેવું મારું માનવું છે. અભિનંદન આ કોલમ ગોઠવનાર શ્રીઓને. સમગ્ર તંત્રી મંડળના સહયોગથી ચાલતું આ શ્રદ્ધાનું સામાયિક વધુને વધુ વેગવંતુ બને. ફાધરને મા મરિયમ તંદુરસ્તી આપે, તંત્રીશ્રી

એ અંકનું હાર્દ છે. માતા મરિયમ પરમમિત્રને તથા સમગ્ર ટીમવર્કને દિર્ઘાયુ બક્ષે તેઓની મનોકામના મા પૂર્ણ કરે એજ પ્રાર્થના.

**-હિતેશ સુતરિયા, પેટલાદ.**

(૬) ખંભોળજ ધર્મ વિભાગનું ત્રિમાસિક મુખપત્ર આપણી મા ઉત્તરોત્તર પ્રગતિના પંથે જઈ રહ્યું છે, જેનો શ્રેય નવા સભા પુરોહિત રેવ ફા. લૉરેન્સને જાય છે. સાથે તંત્રીશ્રી શૈલેષ વાણિયા મોરના પીંછામાનું એક પીછું બની રહ્યા છે.

વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતો ખંભોળજ ધર્મ વિભાગ અન્ય ધર્મવિભાગથી અલગ છે. તીર્થધામમાં આવતા યાત્રિકોની સંખ્યા વધી રહી છે, એ પવિત્ર માતા મરિયમ પ્રત્યેની શ્રદ્ધાનો પુરાવો છે.

શ્રદ્ધાળુઓને માતા મરિયમની મળેલી કૃપા એ સાક્ષીઓથી પૂરવાર થાય છે. નવા લેખક મિત્રો તથા કવિઓને અભિનંદન. આપની લેખન પ્રવૃત્તિથી આપણી મા મહેકતી રહેશે એજ પ્રાર્થના.

**-ફ્રાન્સિસ ગાલુસ મેકવાન,**
**ચાવડાપુરા, જીટોડિયા**

**હાથ બીજાનો ઝાલ...**

તું પ્રભુ ભજી લે હાલ
જુવાની જતી રહેશે કાલ... રે.... તું....
પ્રભુ ભજનથી આતમ તારો
બનશે માલામાલ.... રે.... તું....
આળશ કરવાથી તો તારું
જીવન થશે બે હાલ.... રે.... તું....
વિલંબ વાયદા કર્મે ન ચાલે
માન્ય સમય છે હાલ..... રે.... તું....
ઈસુના અનુયાયી જેવી
કરજે તારી ચાલ..... રે.... તું....
શિશુ સમાણો સાલમ થઈને
હાથ બીજાનો ઝાલ.... રે.... તું....

**- ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**
**નડિયાદ**

## અશ્રુભિની તૃતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. સુરેશભાઈ જોનભાઈ રાઠોડ**

**જન્મ : ૭-૪-૧૯૭૦**

**સ્વર્ગવાસ : ૨-૧૦-૨૦૧૬**

જીવનનું અંતિમ સત્ય...
પેલેપાર ઉજાસનું સરનામું છે,
એક પછી એક દરેકે જવાનું છે.
ખુલ્લા હાથે વહેંચતા રહીએ,
અંતમાં તો બધુંય પોતાનું છે.
બે હાથ પસવારી ઈશ્વર ઉભો છે,
બસ, અંતર થોડુ કાપવાનું છે.
કરી લઈએ એવું કંઈક સદેહે,
પછી હૃદયમાં જીવવાનું છે.

-સમસ્ત રાઠોડ
દુઃખી પરિવાર, ખંભોળજ


જીવનવીમાને લગતા કોઈપણ પ્રકારના કામકાજ માટે મળો યા લખો.

भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**રાઠોડ અનિલ જોન**
એલ.આઈ.સી. એજન્ટ
બસસ્ટેન્ડ પાસે, ખંભોળજ.
**M. 97270 43183**




### ડર લાગે...

ઉગતી કૂપળને વધાવવા
દિપની જ્યોતને પ્રગટાવવા
હૈયે ભર્યો સ્નેહનો સાગર
ઝાંઝવાની વ્યાસ બૂઝાવવા

ડર લાગે છે.....

સહરાના રણને બનવા દો ઉપવન
આવીને ઝાંકળના સરનામે મળવા
નમણી નયનમાં ખૂટી હવે ધીરજ
મારો માર્ગ હવે તો બતાવવા દો

ડર લાગે છે.....

તમારી રસાળ આંખોનું સમણું બનું
પાંપણને સહેજ તો પપલાવવાં
વસંતમાં પાનખર બની ખરી જાઉં
હમણા આવી હેમતને પોંખવવા.

ડર લાગે છે....

**- તંત્રી, શૈલેષ વાણીચા "શૈલ"**

### હે મા

માતા અમારી સહુને વ્હાલી
વધાવીએ તુજને પુષ્પો થકી
દર્શન દીધાં બર્નાડ બાઈને
લુર્ડસ કેરા સુંદર ધામે જીરે...
આન્ના યોહાકીમ કેરી દિકરી
પસંદ કરી પરમપિતાજીએ રે....
યોસેફ સાથે વિવાહ કરી
સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠતા ધરી
પાવન આત્માના ગર્ભાધાન થકી
જન્મ આપી પુત્ર ઈસુજીને રે....
બની તું પરમેશ્વરની દાસી
તું તો જગતણી માતાજીરે
દાસ બની વંદન કરીએ તને
ધરજે અમારી યાચના હૈયે રે...

**- ફ્રાન્સિસ ગાલુસ મેકવાન**

### મધરાતે...

કાજળ કેરી મધરાતે,
નાઝરેથના સિમાડે,
કડકડતી કાતિલ ઠંડીમાં,
બેથલેહેમના ગભાણે
યોસેફ-મરિયમ કેરો બાળ,
ઈસુ જનમ તારણ કાજ,
પૂર્વ દિશામાં તારો પ્રગટ્યો,
વધામણી મુક્તિદાતા કેરી,
ઉગ્યો સૂરજ કેરો ભાણ,
લાગે સોહામણો બાળ,
આકાશેથી છેડયા દૂતોએ સૂર,
મદહોશ બની મધરાત,
વહેતાં ગયા સંગીતના સૂરો,
બાળ સંદેશો ગામે -ગામ,
ઝાડવે ને પાંદડે અને ડાળીએ,
ખીલી ઉઠી હર્ષિલી રાત,
ગાયો કેરા ધણ વચાળે,
સૂતો છે અદના બાળ,
ઘેટા-બકરાંના ઝુંડ મધ્યે,
પોઢ્યો છે જગ તારણ હાર,
બેથલેહેમની પાદરે મધરાતે,
માનવ દેહધારી રાજરાજેશ્વર.

**-રાજબંધુ જયંત પરમાર**

### પત્ર લખું છું...

કલમથી પ્રેમના શબ્દો લખું છું
હે નાથ પ્રેમનો પત્ર લખું છું
થોડુ હસું છું તો થોડો દુઃખી છું
દિલથી થોડી ફરિયાદ લખું છું
તું દૂર છે, વ્હાલા આંસુથી નહી,
આજે જ હું તને વરસાદ લખું છું
ના ફોન કે ટપાલ મારે નામે
જાગરણની યાદો લખું છું
જોતાં તમને જીભ સિવાય
આંખોથી આંખના સંવાદો લખું છું.

**- હિતેશ સુતરિયા, પેટલાદ**

## તુ મળે...

સમી સાંજે રસ્તા વચ્ચે મળે
મંદિર માં થાય પૂજા તુ મળે....
ખેતરના શેઢે હું ઉભી
ઓચિંતા આંખોની ઓળખે તું મળે....
ભાગોળ વચાળે ગરબા રમતા
જૂના બાળભેરું ને તું મળે....
અતૂટ બંધથી ન જોડાયા
હૃદયના ઉંડાણે લખેલ શૈલ ને તુ મળે...
આપેલ કોલને નિભાવવા
આવે તો પ્રેમનું પ્રમાણ તુ મળે....

**- પ્રિતી પરમાર "પ્રિત"**

## ગઝલ

એક માણસ કેમ પકડાતો નથી ?
હોય છે ભીતર જ દેખાતો નથી

શોધતો જેને સદીઓ લાગશે,
મૂળનો માણસ શોધાતો નથી

એકડો ઘૂંટી ભલે મોટો થયો,
એ જ બાળક જો ઉકેલાતો નથી.

બાંકડે બેસી ભલે વાંચો તમે,
આપણો સ્વભાવ વંચાતો નથી.

કોક વળાંકે તમે છૂટા પડો,
ત્યારનો રસ્તોય સંધાતો નથી

"કલ્પ" લાગે છે રમત સઘળું તને ?
કેમ ઘરમાં ચાંદ બંધાતો નથી ?

**- કલ્પેશ સોલંકી 'કલ્પ'**

## માની ગુલાબમાળા

માના ગુણલા ગાઓરે માના બાળકો
ભૂલી ભૂલી મોટપની મજા આજ રે.... માનાં બાળકો
ગુલાબ માળાની માતા મારિયા
એનાં ચરણોમાં સ્વર્ગનું ધામ રે માનાં બાળકો....
પ્રભુ સમીપે બિરાજનારી રે
એનો મહિમા છે અપરંપાર રે માનાં બાળકો....
સર્વ સ્ત્રીઓમાં શુદ્ધ કુમારીકા
જેની જોડ જડે ના ક્યાંય રે માનાં બાળકો....
પ્રભુ ઈસુએ પસંદ કરેલ મા
એની કૂંખે જન્મ્યો છે તારનાર માનાં બાલકો....
આધિ વ્યાધિ અને શોક સંતાપો
માના ચરણે મૂકોને દૂર થાય રે માનાં બાલકો....
માની ગુલાબમાળા તમે ગુંથજો
થાશે થાશે તમારો ઉધ્ધર રે માનાં બાળકો....
ભૂલો માફ કરે ને દયા વરસી રહે
એવી માયાળું મારિયા માત રે માનાં બાળકો...

**- જોસેફ વાય મેકવાન**
**વડોદરા**

## તારા આવવાથી...

સ્પંદન ફૂટે ઉરે, તારા આવવાથી
ગરદન ઝૂકે શિરે, તારા આવવાથી,

સરેઆમ કતલ થાય દિવાના,
રણમાં ખીલે ગુલાબ, તારા આવવાથી.

સહરાના મેળે ચકડોળે ચડયો તો હું,
સ્થિર થયો તડકે, તારા આવવાથી.

વાદળ બંધાયા છે તારા નામથી
વરસાદ બની વરસ્યો, તારા આવવાથી

સાવ સૂક્કો રહયો, મારા મરણ સુધી
કબરે ખીલ્યાં ફૂલ, તારા આવવાથી.

**- અનિકેત ડાભી,**
**વડતાલ**

# માનતા માટેની મીણબત્તી

આનંદ સાથે જણાવવાનું કે આપના માટે ચર્ચ દ્વારા અભિષિક્ત થયેલ મીણબત્તી ફક્ત એક મીણબત્તીના ૫ રૂા. એક કીલોના ૨૫૦ રૂા. (૫૪ મીણબત્તી). ચર્ચ વેદિ ઉપર વપરાતી જાડી મીણબત્તી અને લાંબા સમય સુધી ચાલે તેવી મીણબત્તીઓ પણ ઉપલબ્ધ છે. કીલોના ૨૫૦ રૂા. (નંગ ૧૮ મીણબત્તીઓ)

**: સંપર્ક :**
**ચર્ચ ઓફિસ, ખંભોળજ.**

## ખાસ નોંધ

વ્હાલા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે
ચાલું વર્ષનું લવાજમ 'આપણી મા'નું પૂર્ણ થતું
હોવાથી આપનું મેગેઝીન બંધ ન થાય
તે માટે લવાજમના નાણાં ચર્ચ ઓફિસમાં
તમારા સ્વયં સેવકને જમા કરાવવા
નમ્ર અરજ છે.

**લિ. સભા પુરોહિત ફાધર લોરેન્સ એ.**

**'તંત્રીશ્રી આપણી મા'**

ખંભોળજ

### ગઝલ

આગ કેટ કેટલી એની અંદર ભરાઈ છે
એટલે તો એને દીવાસળી કહેવાય છે

ચોક્કસ નિદોર્ષ છે, વિશ્વાસ કરો ને
ખાલી અમથી એ આગમાં લપટાઈ છે

આપવા અજવાળું કોઈ પારકાં ઘરને
આખે આખી એની જાત હોમાઈ છે

ખુદને ના બાળે ત્યાં સુધી જ કામની છે
સળગી ગયા પછી, ભોંયે કેવી પટકાઈ છે

એને પણ છે ખ્યાલ મર્મ જીવનનો
એટલે ખોખામાં, એકબીજાથી વીંટળાઈ છે

નાની અમથી છે, પણ કમાલ તો જુઓ
આખી વસ્તી બાળવા એકલી વપરાઈ છે

**- હિમાંશુ મેકવાન**

### અનાથોની મા

અનાથોની તું છે મા
સ્વર્ગ ભુવનની રાણી મા
ભક્તોની છે, પ્યારી મા
વદું છું હું તુજને મા
આવ્યો છું તુજ શરણે મા
રાખજો મુજને ચરણે મા
સ્વીકાર મુજ અર્પણ મા
ધરું જીવન ચરણો મા
મમતાની છે, મૂર્તિ મા
સુણ જે મારી વિનંતી મા
કરી પાપ માફ મારા મા
સદા સુપંથે દોરજો મા
કંટકો મુજ જીવનરાહ મા
પ્રેમ કેરા પુષ્પ પાથરજે મા
સહારો મુજને આપી મા
દિપાવજે મારુ જીવન મા

**- રાજેશ એમ. પરમાર (ઓડવાલા)**

# રામકૃપા મંડપ ડેકોરેશન

**મરિયમ ભક્ત બી. આર. ધોબી** — **મો. ૯૮૨૪૫ ૪૨૭૧૫**

**દિપેશકુમાર** — **મો. ૯૯૦૪૨ ૫૯૫૧૫**



**શુભ પ્રસંગે લાઈટ તથા મંડપ બાંધનાર**
**મોયરું, જનરેટર, ગાદલાં, તકીયા, ખુરશી,**
**ટેબલ-ચાદર, સ્ટીલ ડીશ, મેલેમાઈન ડીશ**
**સેન્ટ ફુવારો તથા મીનરલ વોટર મળશે.**

# રામકૃપા શુધ્ધ જળ

## મીનરલ વોટર મળશે

---

ગોકુલધામ સોસાયટી, અનાથોની માતાના ચર્ચની સામે,
મુ. ખંભોળજ, તા. જિ. આણંદ.
ફોન : ૦૨૬૯૨-૨૭૨૩૩૦

રંગીલા રાજસ્થાનની મોજ માણો...

## ચાલો રાજસ્થાન... ચાલો રાજસ્થાન.......

# રાજ ટ્રાવેલ્સ







| | |
|---|---|
| પ્રવાસના દિવસ : ૫ | તા. ૭-૧૨-૨૦૧૯, શનિવારે |
| ટિકિટ રૂા. ૪૫૫૧/- | રાત્રે ૧૦-૪૫ કલાકે |
| રહેવા-જમવા સાથે | તા. ૧૨-૧૨-૨૦૧૯ પરત |

**જોવા લાયક સ્થળ :** અંબાજી, માઉન્ટ આબુ, જોધપુર, રણુજા, જેસલમેર, ચિત્તોડગઢ વિગેરે....

## ચાલો ગોવા.... ચાલો ગોવા..... સંત ફ્રાન્સિસના દર્શનાર્થે

| | |
|---|---|
| પ્રવાસના દિવસ : ૬ | તા. ૩૧-૧૦-૨૦૧૯, ગુરુવારે |
| ટિકિટ રૂા. ૫૬૫૧/- | રાત્રે ૧૦-૪૫ કલાકે |
| રહેવા-જમવા સાથે | તા. ૬-૧૧-૨૦૧૯ પરત |

**જોવા લાયક સ્થળ :** સાપુતારા, નાસીક, શીરડી, મહાબળેશ્વર, ગોવા, મુંબઈ, સંત ફ્રાન્સિસ ડેથ બોડી, ચર્ચ દર્શન, સાઈડસિન, બીચ વિગેરે...

**નોંધ :**

(૧) પ્રવાસમાં સવારે ચ્હા-કોફી, એકટાઈમ નાસ્તો, એક ટાઈમ ગુજરાતી ભોજન આપવામાં આવશે.

(૨) રહેવા માટે કોમન હોલમાં વ્યવસ્થા કરવામાં આવશે.

(૩) ટુરીસ્ટનો યાત્રીવેરો તથા ગાઈડ સ્વખર્ચે રહેશે.

(૪) બુકીંગ પેટે રૂા. ૨૦૦૦/- આપવાના રહેશે.

(૫) નાનો બિસ્તરો તેમજ જરૂરી દવાઓ સાથે લેવી. (ચાદર, રૂમાલ, બ્રશ)

(૬) અકસ્માત ચોરી, લુંટફાંટની જવાબદારી સંચાલકની રહેશે નહી.


(૭) બસ જ્યાં સુધી લઈ જઈ શકાશે ત્યાં સુધીજ લઈ જવામાં આવશે.

(૮) કાર્યક્રમમાં ફેરફાર કરવાનો હક્ક સંચાલકનો રહેશે.


(૯) દરેક શ્રદ્ધાળુઓને ટાઈમ મુજબ આવવાનું રહેશે.

**:: આયોજક ::**

**રાજુભાઈ (ઓડવાલા)**
**મો. ૮૩૪૭૪ ૬૪૭૮૦**



**રાજેશ એમ. પરમાર**
દર રવિવારે ચર્ચમાં મળશે
ખંભોળજ પેરીશ



**જયેશભાઈ**
**મો. ૮૨૦૦૭ ૦૨૫૧૮**

**બસ ઉપડવાનું સ્થળ :** ખંભોળજ-ઓડ -કેથોલિક ચર્ચ (આણંદ-નડીયાદ રેલ્વે સ્ટેશન પર) રાત્રે ૧૦-૪૫ કલાકે